હિંદુસ્તાનની પ્રેસ્બિટેરિયન મંડળીનું વિશ્વાસનામું, બંધારણ, તથા તેના કાનૂનો.

પ્રત ૫૦૦.

એરિશ મિશન છાપખાનામાં છપાયાં.
૧૯૦૮.

હિંદુસ્તાનની પ્રેસ્બિટેરિઅન મંડળીનું વિશ્વાસનામું, બંધારણ, તથા તેના કાનૂનો.

પ્રત ૫૦૦.

ઐરિશ મિશન છાપખાનામાં છપાયાં.
૧૯૦૮.

मंडळीनुं विश्वासनामुं.

ઉપોદ્ઘાત.

હિંદુસ્તાનની પ્રેસ્બિટેરિઅન મંડળીએ નીચે જણાવેલી વાતોને પોતાના વિશ્વાસનામા તરીકે સ્વીકારી તેના ઉપર ધર્મસેવકોએ લાઇસેન્સ્યેટોએ, અને વડીલોએ સહી કરવાની છે. એમ કરીને તે મૂળ મંડળીઓના ધર્મમત સંબંધી ધોરણોને અમાન્ય કરતી નથી, પણ તેથી ઊલટું, તેઓની—એટલે (તેમાં ખાસ કરીને) ઊવેસ્ટમિન્સ્ટર વિશ્વાસનામાની, ઊવેલ્સ કાલ્વિનિસ્ટિક વિશ્વાસનામાની, તથા ડોર્ટની મહા વડીલ સભાના વિશ્વાસનામા તથા કાનૂનોની પ્રશંસા કરે છે, કે તેઓ પ્રભુનું વચન યોગ્ય રીતે પ્રગટ કરી આપે છે, અને તેઓ આપણી મંડળીઓમાં તથા શાળાઓમાં જે મતો શિખવવાના છે તેઓને લાયકની છે.

કલમ ૧ લી.

જુના તથા નવા કરારના લેખો એ ઇશ્વરનું સતશાસ્ત્ર છે, અને તે એકલોજ વિશ્વાસ તથા ધર્માચારનો અચૂક નિયમ છે.

કલમ ૨ જી.

કેવળ એકજ ઇશ્વર છે, અને તે એકલોજ ભજન જોગ છે. તે સ્વયંભૂ તથા સર્વવ્યાપી છતાં બીજા બધા આત્માઓથી તથા પદાર્થોથી અલગ, એવો આત્મા છે. અને તે પોતાના સત્વ, જ્ઞાન, પરાક્રમ, પવિત્રતા, ન્યાય, ભલાઇ, સત્યતા તથા પ્રેમ વિષે અપાર, અનાદ્યનંત તથા અવિકાર છે.

કલમ ૩ જી.

દેવત્વમાં ત્રણ વ્યક્તિ છે, એટલે પિતા, પુત્ર તથા પવિત્ર આત્મા એ ત્રણે મળી એક દેવ છે. તેઓ સત્વમાં અભિન્ન, અને પરાક્રમ તથા મહિમામાં સમાન છે.

કલમ ૪ થી.

ઇશ્વરે પોતાના પરાક્રમી શબ્દે કરી સર્વ દૃષ્ય તથા સર્વ અદૃષ્ય વસ્તુઓ ઉત્પન્ન કીધી, અને તે એવી રીતે એ સર્વની રક્ષા કરે છે તથા એમના ઉપર પોતાનો અધિકાર ચલાવે છે, કે તે કોઇ પણ પ્રકારે પાપનો કર્ત્તા ન થતાં સઘળું પોતાની ઇચ્છાના મનસુબા પ્રમાણે કરે છે, અને તે વડે તેના જ્ઞાનસંપન્ન, શુભ તથા પવિત્ર હેતુઓ પાર પડે છે.

કલમ ૫ મી.

માનવને ઇશ્વરે જ્ઞાન, ન્યાય તથા પવિત્રતામાં પોતાની પ્રતિમા પ્રમાણે, તથા સર્વ સૃષ્ટ વસ્તુઓ પર અધિકાર આપીને નર તથા નારી એવાં ઉત્પન્ન કીધાં. સર્વ માણસ જાત એકજ પૂર્વજથી થએલાં છે, તેથી તેઓ સર્વ ભાઇ બહેનો છે.

કલમ ૬ ઠી.

આપણાં આદી માતા પિતા, કે જેમને ભલું કે ભુંડું પસંદ કરવાની મુક્તેચ્છાશક્તિ હતી, તેઓનું પરીક્ષણ થતાં તેઓએ ઇશ્વર વિરૂદ્ધ પાપ કીધું. અને આદમ કે જે કરારનામાની રૂએ સર્વનું શિર છે તેનાથી કુદરતી નિયમ પ્રમાણે જન્મેલી સર્વ માનવ જાતની સાથે પતિત થઇને તેની સાથે ભ્રષ્ટ થઇ, અને તેઓને તારણ સાધક સુકૃત્યો કરવાનું ઇચ્છવાની શક્તિ પણ નથી. વળી જેઓને પાપ કરવાની શક્તિ છે તેમણે પોતાનાં મૂળ પાપ તથા બગાડ સાથે કૃત પાપોનો ઉમેરો કર્યો છે. આ

જીવનમાં તથા આવનાર જીવનમાં સર્વે માણસો વાજબી રીતે ઇશ્વરના ક્રોધ તથા શિક્ષાને પાત્ર છે.

કલમ ૭ મી.

માણસોને પાપના દોષ, બગાડ તથા સજામાંથી તારવાને તથા તેઓને અનંતજીવન પમાડવાને અર્થે, દેવે પોતાની અપાર પ્રીતિને લીધે, પોતાના સનાતન તથા એકાકીજનિત પુત્ર પ્રભુ ઇસુ ખ્રીસ્તને આ જગતમાં મોકલ્યો. માત્ર તેનામાંજ ઇશ્વર સદેહ થએલો છે, અને એકલા તેનીજ મારફતે માણસો તારણ પામી શકે છે. સનાતન પુત્ર વાસ્તવિક માણસ થયો, એ પ્રમાણે તે વાસ્તવિક ઇશ્વર તેમજ વાસ્તવિક માણસ, એટલે બે ભિન્ન સ્વભાવ તથા એક વ્યક્તિનો માણસ થયો અને સદા એવો રહે છે. તેણે પવિત્ર આત્માના પરાક્રમે કરી મરિયમ કુંવારીને ઉદરે રહીને તેને પેટે અવતાર ધર્યા છતાં પાપ રહિત (માનવ) થયો. પાપી મનુષ્યોની વતી તે ઇશ્વરના નિયમને પૂરે પૂરો આધીન થયો. અને ઇશ્વરના ન્યાયગુણને તૃપ્ત કરવા તથા તેની સાથે માણસજાતનો મેળાપ કરાવવાને તેણે પોતાનું વાસ્તવિક તથા સંપૂર્ણ યજ્ઞાર્પણ કીધું. તેણે વધસ્તંભ પર મરણ સહ્યું, તે દટાયો, ને ત્રીજે દિવસે મુએલાંમાંથી પાછો ઉઠયો. તે આકાશમાં ચઢી જઇને દેવને જમણે હાથે બિરાજેલો છે. ત્યાં તે પોતાના લોકોને સારૂ મધ્યસ્થી કરે છે; અને ત્યાંથી તે મુએલાંઓને ઉઠાડવા તથા જગતનો ન્યાય કરવા સારૂ પાછો આવવાનો છે.

કલમ ૮ મી.

પવિત્ર આત્મા એ પિતા તથા પુત્રમાંથી નિકળેલો છે. તે માણસોને તેમનાં પાપ તથા દુઃખાવસ્થા વિષેની ખાત્રી કરી આપીને તેઓનાં મનમાં ખ્રીસ્ત વિષેના જ્ઞાનનો પ્રકાશ કરે છે; વળી તેઓની ઇચ્છા નવી કરી નાખીને, સુવાર્ત્તામાં તેઓને મફત

આપેલા ખ્રીસ્તને સ્વીકારવાનું તેઓને મનાવીને તથા બળ આપીને, અને તેઓમાં ન્યાયીપણાનાં બધાં ફળ નિપજાવીને તેમને તારણના ભાગીદાર કરે છે.

કલમ ૯ મી.

ઇશ્વરે જગતનો પાયો નાખ્યા અગાઉ કેટલાક લોકને ખ્રીસ્તમાં પોતાની પ્રજા તરીકે પસંદ કીધા, એ માટે કે તેઓ તેની સન્મુખ પ્રીતિમાં પવિત્ર, તથા નિર્દોષ થાય; જે કૃપા તેણે તેઓને [પોતાના] વહાલામાં મફત આપી છે, તેના ગૌરવની સ્તુતિને અર્થે, તેણે પોતાની ઇચ્છાની પ્રસન્નતા પ્રમાણે, તેઓને ઇસુ ખ્રીસ્તમાં પોતાના દત્તકપુત્રો થવા સારૂ અગાઉથી નિમ્યા છે; તે છતાં પરમેશ્વર તારણનું સંપૂર્ણ તથા મફત દાન સર્વ માણસોની આગળ ધરે છે, અને તેઓને પોતાનાં પાપનો પસ્તાવો કરવાની, તેમજ પ્રભુ ઇસુ ખ્રીસ્તને પોતાનો તારનાર માની લેવાની, અને તેના નમુના પ્રમાણે તથા પરમેશ્વરની પ્રગટ કરેલી ઇચ્છાને આજ્ઞાકારી થઇને નમ્ર તથા પવિત્ર જીંદગી ગુજારવાની, આજ્ઞા કરે છે જેઓ ખ્રીસ્ત ઉપર વિશ્વાસ કરે છે અને તેની આજ્ઞા પાળે છે તેઓ તારણ પામે છે. તેઓને જે મુખ્ય કૃપાદાનો પ્રાપ્ત થાય છે તે એ કે, ન્યાયીકરણ, દત્તકપુત્રપણું પામીને દેવના પુત્રોના ગણમાં દાખલ કરાવું, પોતામાં આત્માનો વાસો થયાથી પવિત્રીકરણ, અને સનાતન મહિમા. વળી વિશ્વાસીઓને આ જીવનમાં પોતાના તારણ વિષેની ખાત્રી હોઇ શકે છે. પવિત્ર આત્મા પોતાનું કૃપાનું કામ કરવામાં કૃપાનાં સાધનો વાપરે છે તે સાધનોમાં જે મુખ્ય તે એ કે, સતશાસ્ત્ર, ધર્મસંસ્કારો, તથા પ્રાર્થના.

કલમ ૧૦ મી.

ખ્રીસ્તે ઠરાવેલા સંસ્કાર બાપ્તિસ્મા તથા પ્રભુભોજન છે.

બાપ્તિસ્મા એટલે પિતા તથા પુત્ર તથા પવિત્ર આત્માને નામે પાણી લગાડવું તે. એ તો ખ્રીસ્તની સાથેના આપણા સંબંધની, પવિત્ર આત્માથી થએલા પુનર્જન્મ તથા નવીનકરણની, અને આપણે પ્રભુના થઇ રહીશું એવું વચન આપણે આપ્યાની નિશાણી તથા મુદ્રા છે. જેઓ કબૂલ કરે છે કે અમે ખ્રીસ્ત પર વિશ્વાસ કરીએ છીએ તેઓને તથા તેઓનાં છોકરાંને એ સંસ્કાર આપવાનો છે. પ્રભુભોજનમાં રોટલી તથા દ્રાક્ષરસ લેવામાં આવે છે, તે ખ્રીસ્તના મરણનો સ્મારક સંસ્કાર છે, અને વિશ્વાસીઓને તેવડે પ્રાપ્ત થનાર લાભની નિશાણી તથા મુદ્રા છે. તેના લોકો તેની ઉપર તથા તેના યજ્ઞાર્પણ ઉપર વિશ્વાસ રાખે છે તેની, તેવડે થતા લાભ જે તેઓ પામે છે તેની, હવે પછી પણ તેની સેવા કરવાને તેઓ બંધાય છે તેની, અને તેઓ તેની સાથે તથા એક બીજા સાથે સંગત રાખે છે તેની નિશાણી દાખલ, પ્રભુ પાછો આવે ત્યાં સુધી તેમણે એ સંસ્કાર પાળવો જોઇએ. સંસ્કારની ખુદ ક્રિયામાં કે તે ચલાવનાર પુરૂષમાં કોઇ સાર્થક ગુણ હોવાથી તો નહિ. પણ જેઓ વિશ્વાસથી સંસ્કાર પાળે છે, તેઓમાં કેવળ ખ્રીસ્તનો આશીર્વાદ તથા પવિત્ર આત્માનું કાર્ય ચાલ્યાથી વિશ્વાસીઓને લાભ પ્રાપ્ત થાય છે.

કલમ ૧૧ મી.

દરેક ખ્રીસ્તીની એવી ફરજ છે કે તેણે મંડળીની સાથે સંગતમાં આવવું, ખ્રીસ્તના સંસ્કાર તથા તેના બીજા વિધિઓ પાળવા, તેના નિયમોને આધીન થવું, પ્રાર્થનામાં લાગુ રહેવું, પ્રભુવારને પવિત્ર પાળવો, ઇશ્વરના ભજનને સારૂ એકઠા થવું, શતશાસ્ત્ર ઉપરથી કરેલો બોધ સાંભળવો, ઇશ્વરે જે આબાદાની આપી હોય તેના પ્રમાણમાં ધર્મભંડારમાં આપવું, માહોમાંહે તથા સઘળા માણસો પ્રત્યે ખ્રીસ્તના જેવો સ્વભાવ દાખવવો, આખી દુનિ-

યામાં ખ્રીસ્તના રાજ્યનો ફેલાવ થાય માટે પ્રયત્ન કરવાં, અને તે મહિમામાં પ્રગટ થવાનો છે એમ માનીને તેની રાહ જોવી.

કલમ ૧૨ મી.

મુએલાંઓ જગતને છેલ્લે દિવસે પુનરૂત્થાન પામશે, અને સઘળાં માણસો ખ્રીસ્તના ન્યાયાસન આગળ ઉભાં રહેશે, પછી તેઓએ આ જીવનમાં જે જે ભલાં કે ભુંડાં કામ કર્યાં હશે, તે પ્રમાણે તેઓને બદલો મળશે. જેઓ ખ્રીસ્ત પર વિશ્વાસ કરે છે અને તેની આજ્ઞા પાળે છે તેઓ ઉઘાડી રીતે નિર્દોષ ઠરીને મહિમામાં પ્રવેશ પામશે. પણ અવિશ્વાસી તથા દુષ્ટ માણસો દોષિત ઠરીને પોતાનાં પાપની યોગ્ય સજા ભોગવશે.

વિશ્વાસનામું સ્વીકારવા વિષે.

આ પ્રેસ્બિટેરિઅન મંડળીનું વિશ્વાસનામું ઈશ્વરદત્ત શાસ્ત્રને આધારે રચાયલું છે, અને સત્‌શાસ્ત્રાનુસાર છે એવું જાણીને હું તેનો સ્વીકાર કરૂં છું, અને તે મારા વિશ્વાસનું વિશ્વાસનામું છે એમ હું કબૂલ કરૂં છું.

ટીપ.—આ કબૂલાત લેતી વેળાએ મંડળીની અધિકારી સભાઓએ ઇશ્વરદત્ત શાસ્ત્રાનુસાર તથા મંડળીનું હિત જાળવવા માટે જે ડહાપણ અને ઉદારવૃત્તિ જરૂરનાં છે તે વાપરવાં.

મંડળીનું બંધારણ.

કલમ ૧ લી.

અદૃશ્ય મંડળી.

ઇશ્વર દરેક દેશજાતિમાંથી એક મોટો સમુદાય એકઠો કરતો જાય છે, અને તેમ કરવામાં ઇશ્વર પોતાની કૃપા તથા જ્ઞાનની અત્યંત સમ્પત્તિ યુગપરંપરા પ્રગટ કરતો જશે. આ સમુદાય જીવતા દેવની મંડળી, ખ્રીસ્તનું શરીર, પવિત્ર આત્માનું મંદિર, તથા જે સર્વને સર્વથી ભરપૂર કરે છે તેની સંપૂર્ણતા છે. આ સમુદાય જેમાં અસંખ્ય માણસો છે, તેમાં સર્વ દેશનાં, તથા સર્વ જમાનાનાં પવિત્ર માણસો છે અને તે કારણથી તેને "પવિત્ર સાર્વત્રિક મંડળી" એ નામ આપેલું છે; અને તેના ખરા સભાસદો કોણ કોણ છે તેની ખાતરી એકલા અંતર્યામી ઇશ્વરનેજ હોવાથી તેનું બીજું નામ "અદૃશ્ય મંડળી" પણ છે.

કલમ ૨ જી.

દૃશ્ય મંડળી.

પૃથ્વી પરનાં જે જે માણસો પોતે ખ્રીસ્તી હોવાનું નામ ધરાવે છે, અને પિતા, પુત્ર, અને પવિત્ર આત્મા તે સદા એક કૃપાળુ ઇશ્વર છે એમ માન્ય કરે છે તેઓના આખા સમૂહને "સાર્વત્રિક દૃશ્ય મંડળી" કહે છે.

કલમ ૩ જી.

અમુક મંડળીઓ.

સાર્વત્રિક દૃશ્ય મંડળીના જે સભાસદો ઇશ્વરભક્તિને અર્થે તથા પવિત્ર રહેણી કરણીને અર્થે અને ખ્રીસ્તના રાજ્યના પ્રસારાર્થે હરકોઇ પ્રકારની સત્તા તળે એકત્ર થાય છે તે સમૂહને "અમુક મંડળી" કરીને કહે છે.

કલમ ૪ થી.

સ્થાનિક મંડળીઓ.

કોઇ અમુક મંડળીના સભાસદોનો નિયમસર રચાયલો સમૂહ અમુક અમુક વખતે જાહેર ઇશ્વરભક્તિના કાર્ય સારૂ ભેગો થાય તે સમૂહને "સ્થાનિક મંડળી" કહે છે.

કલમ ૫ મી.

ઇશ્વરભક્તિકાર્ય.

પ્રભુવારે ઇશ્વરભક્તિને માટે સઘળાઓએ એકઠા મળવું. ભક્તિની વિધિઓમાં આટલી બાબતોનો સમાવેશ થાય છે:—પ્રાર્થના, સ્તોત્રગીત, સતશાસ્ત્રનું વાંચન તથા ઉપદેશ, સંસ્કારક્રિયા, દાનાર્પણ, અને આશીર્વચન. સંસ્કારો બે છે, બાપ્તિસ્મા તથા પ્રભુભોજન. એ સંસ્કારો ખાસ અને અસાધારણ પ્રસંગ નહિ હોય તો ધર્મસેવક શિવાય બીજા કોઇએ કરાવવા નહિ.

કલમ ૬ ઠી.

મંડળીના અમલદારો.

મંડળીના કાયમી અમલદારોનાં બે પદ છે. એટલે વડીલો અને સહાયકો.

કલમ ૭ મી.

વડીલો.

વડીલો બે પ્રકારના છે,—(૧) ઉપદેશક તથા અધિકારી વડીલો, જેને સાધારણ રીતે "ધર્મસેવક" કહે છે, અને (૨) અધિકારી વડીલ જેને સાધારણ રીતે "વડીલ" કહે છે.

ધર્મસેવકો ધર્માધિકાર દીક્ષાની ક્રિયાવડે નિયમાનુસાર નિયોજી મુકેલા અમલદારો હોય છે, અને તેઓનું કાર્ય એ કે તેઓએ સુવાર્તાનો બોધ કરવો, સંસ્કારો પળાવવા, અને મંડળીને લગતો કારભાર ચલાવવો. એક કે અધિક મંડળીઓ ઉપર અધિકાર

ચલાવવા નિમેલા ધર્મસેવકોને "ધર્મપાળકો" કહે છે; અને જે ધર્મસેવકોને વડીલ સભાએ સુવાર્ત્તા પ્રસારવાના કામ ઉપર નિયોજેલા હોય છે તેઓને "સુવાર્ત્તિકો" કહે છે.

વડીલો ધર્માધિકારદીક્ષાની ક્રિયાવડે નિયમાનુસાર નિયોજેલા પ્રતિનિધિ તરીકે નિમાયલા અમલદારો છે; તેઓનું કાર્ય એ છે કે ધર્મ વિષયક બાબતોમાં મંડળીની સંભાળ રાખવામાં અને મંડળીનો કારભાર ચલાવવામાં ધર્મપાળક સાથે સામેલ રહેવું. તેઓ પ્રભુભોજનનો સંસ્કાર પાળનારા પુરૂષવર્ગના હોવા જોઇએ.

કલમ ૮ મી.
સહાયકારીઓ.

સહાયકારીઓ ધર્માધિકારદીક્ષાની ક્રિયાવડે નિયમાનુસાર નિયોજેલા અમલદારો છે. તેઓનું કાર્ય એ છે કે ગરીબોની સંભાળ લેવામાં અને નાણાં સંબંધી વહિવટ ચલાવવામાં ધર્મપાળક સાથે સામેલ રહેવું. તેઓ પ્રભુભોજનનો સંસ્કાર પાળનારા પુરૂષવર્ગના હોવા જોઇએ. જે મંડળીઓમાં સહાયકોની નિમણુક કરવામાં આવતી નથી તેમાં તે અધિકારને લગતું કામ વડીલોએ બજાવવું. નાણાં સંબંધી વહિવટ સાધારણ રીતે સહાયકોના હાથમાં રહેશે, છતાં સભામાં તેઓની સાથે વડીલો બેસશે. એ વડીલોને મત આપવાનો સંપૂર્ણ અધિકાર છે, અને આ પ્રમાણેના બંધારણની સભા "નાણાંવ્યવસ્થાપક મંડળી" કહેવાય છે.

કલમ ૯ મી.
લાઇસેન્શ્યેટો.

જે પુરૂષોને વડીલ સભાએ પાળકપદની ઉમેદવારી કરવાની રીતસર પરવાનગી આપી હોય તેઓ "લાઇસેન્શ્યેટો" કહેવાય છે. તેઓ વડીલસભાની અથવા તેઓના ઉપર દેખરેખ રાખવાને નિમેલા ધર્મસેવકોની આજ્ઞાનુસાર કામ કરે.

કલમ ૧૦ મી.

મંડળીની અધિકારી સભાઓ.

મંડળી ચાર જાતની સભા દ્વારા પોતાનો અધિકાર ચલાવે છે.

(૧) અમુક મંડળીના વડીલોની સભા, એટલે સેશન.

(૨) વડીલ સભા, એટલે પ્રેસ્બિટેરી.

(૩) મહાવડીલ સભા, એટલે સિનડ.

(૪) સાર્વજનિક મહાસભા, એટલે જેનરલ એસેમ્બ્લી.

જે જે સત્તાઓ આ અધિકારી સભાઓને અથવા સહાયકોને મંડળીના બંધારણમાં તથા કાનૂનોમાં આપવામાં ન આવી હોય તે બધી સત્તાઓ સ્થાનિક મંડળીના હાથમાં રહેલી છે.

કલમ ૧૧ મી.

સ્થાનિક સભાઓ. (સેશનો).

સ્થાનિક મંડળીના પાળક (અથવા પાળકો) અને વડીલોની બનેલી સભાને સ્થાનિક સભા અથવા સેશન કહે છે; મંડળીની સંભાળ રાખવાનું કામ તે સ્થાનિક સભાનું છે. એ સભા ઉમેદવારોની પરીક્ષા લઇ મંડળીમાં દાખલ કરે છે; બદલી, અને બરતરફીના પત્રો આપે છે અને લે છે; મંડળીના બંધારણ, કાનૂનો, તથા વિશ્વાસનામા મુજબ નસિહત આપે છે; જ્યારે મંડળી પર પાળક ઠરાવેલો ન હોય ત્યારે ધર્મોપદેશ કરવાની તથા સંસ્કારો પળાવાની બાબતમાં ગોઠવણ કરે છે; વડીલોની ચુંટણીને માટે ગોઠવણ કરે છે; સાબ્બાથશાળાની તથા જે તમામ સુવાર્તિક કામ મંડળી ચલાવતી હોય તેના ઉપર દેખરેખ રાખે છે; અને વડીલસભામાં વડીલોની નિમણુકો કરે છે. જ્યાં સુધી મંડળી પોતાની આવકમાંથી પોતાના બધા ખરચનો નિભાવ ન કરી શકે ત્યાં સુધી, જે મિશન કે વડીલસભા તેના નિભાવને માટે

પૈસાની મદદ આપતી હોય તેની ઇચ્છા હોય તો તે સભાનો પ્રતિનિધિ (ધર્મસેવક અથવા વડીલ) એ સ્થાનિક સભા અને નાણુંવ્યવસ્થાપક મંડળીમાં સભાસદ તરીકે ભાગ લઇ શકે.

કલમ ૧૨ મી.

વડીલ સભાઓ (પ્રેસ્બિટેરી).

હરકોઇ ઠરાવેલી હદની અંદરના ભાગમાં રહેનાર તમામ ધર્મસેવકો તથા દરેક સ્થાનિક સભામાંથી એકેક વડીલની બનેલી સભાને વડીલસભા અથવા પ્રેસબિટેરી કહે છે. જે મંડળીઓમાં પ્રભુભોજનનો સંસ્કાર પાળનારા ત્રણુસેં સભાસદો હોય તે મંડળીઓની સ્થાનિક સભાઓ બબ્બે વડીલો નિમી શકે. પોતાની હદની અંદર જે સ્થાનિક સભાઓ, મંડળીઓ, ધર્મસેવકો, ઉપદેશકો તથા વિશ્વાસીઓનાં છુટક છુટક મંડળો જેનું બંધારણ મંડળી તરીકેનું થયું ન હોય તે બધા ઉપર દેખરેખ રાખવાનો અધિકાર વડીલસભાને છે. એ સભા મંડળીઓ સ્થાપે, તેમની ફેરબદલીઓ કરે, બે કે વધારે મંડળીઓ જોડી છે તેની એક બનાવે, મંડળીઓને દાખલ કરે અને બાતલ કરે અથવા તેને બંધ કરે; વળી તે ધર્મસેવકોને દીક્ષા આપે, તેમને કામથી છુટા કરે, તેમની બદલી કરે, તેમને દાખલ કરે, બરતરફ કરે, અને નસિહત આપે; ધર્મપાળકોની નિમણુક કરે, અને તેમને કામથી મુક્ત કરે; ઉમેદવાર ધર્મોપદેશકો (લાઇસેન્શ્યેટો)ને પરવાનો આપે, કામથી છુટા કરે, બદલી કરે, દાખલ કરે, બરતરફ કરે અને નસિહત આપે. ધર્મસેવક થવાને ઉમેદવાર હોય તેના અભ્યાસ ઉપર દેખરેખ રાખે; સ્થાનિક સભાનાં દફતરો તપાસે; સ્થાનિક સભાઓને, મંડળીઓને, અને વિશ્વાસીઓનાં છુટાં છુટાં મંડળો જેનું બંધારણ મંડળી તરીકેનું થયું ન હોય તેને,

સલાહ અને મદદ આપે; રીતસર રજુ કીધેલી બાબતો તથા અપીલોનો નિકાલ કરે; અરજીઓ તથા ભાંજગડની બાબતો મહા વડીલ સભા (સિનડ) અથવા સાર્વજનિક મહાસભા (જેનરલ એસેમ્બ્લી) ઉપર મોકલી આપે. ચઢીઆતી ન્યાયસભાઓએ મોકલી આપેલી તકરારી બાબતોનો નિકાલ કરે; મંડળીની સારી વ્યવસ્થા સાચવી રાખે; સુવાર્ત્તા પ્રસારનું કામ ચલાવે; અને સિનડમાં તથા જેનરલ એસેમ્બ્લીમાં પ્રતિનિધિઓની નિમણુક કરે. અગર જો દીક્ષા પામેલા પરદેશી પાદરી સાહેબો તથા ધર્મસેવકો જે વડીલ સભાની હદની અંદર તેઓ રહેતા હોય તે વડીલ સભાના પૂર્ણ અધિકારી સભાસદો હોવા જોઇએ એવો સાધારણ નિયમ ગણાય; છતાં કેટલીક (પરદેશી) મંડળીઓ એવો વાંધો લે છે કે હમારી વચમાં અને હમારા હિમાયતી પાદરી સાહેબો (દીક્ષા પામેલા ધર્મસેવકો અને વડીલો) ની વચમાં જે સંબંધ છે તે તૂટવો ન જોઇએ; સદરહુ વાંધાને લીધે અને તેની સાથે પરદેશી પાદરી સાહેબોનો વડીલ સભા સાથેનો સંબંધ અલાયદો ભિન્ન ભિન્ન પ્રકારનો ને હંગામી હોવાને લીધે દરેક વડીલ સભા લાગતી વળગતી પરદેશી મંડળી અથવા મંડળીઓમાંના પરદેશી પાદરી સાહેબો હોય તેમની સાથે મસલત ચલાવી તે પાદરી સાહેબોનો સંબંધ વડીલ સભાની સાથે કેવા પ્રકારનો રાખવો તેનો નિર્ણય કરે.

કલમ ૧૩ મી.

મહાવડીલ સભા (સિનડ).

વડીલ સભાએ (પોતાની માંહેથી) પસંદ કરીને નિમેલા પ્રતિનિધિઓની બનેલી સભાને મહા વડીલ સભા અથવા સિનડ કહે છે. દરેક વડીલ સભા પોતાની હદ માંહેલી દર બે મંડળીઓ દીઠ કે તેના વિભાગ દીઠ એક ધર્મસેવક અને એક વડીલની

નિમણુક કરે, અને જેઓ મંડળીઓના પાળક ન હોય એવા દર એ પાદરીઓ દીઠ કે તેઓના વિભાગ દીઠ એક પાદરી સાહેબની નિમણુક કરે. પોતાની હદમાંની વડીલ સભાઓ તમામ કામ કાજ ઉપર અને હિતની બાબતો ઉપર મહા વડીલ સભા દેખરેખ રાખે. એ માટે તે પોતાની હદમાં વડીલ સભાઓ સ્થાપે છે, અને તેમને જોડી દે છે, (વધારે મોટી હોય તો) તેના વિભાગો પાડે છે, અથવા તેને બંધ કરે છે; તેઓની હદ નક્કી કરે છે, તેમનાં દફતર તપાસે છે; રીતસર રજુ કીધેલી બાબતો તથા અપીલોનો નિકાલ કરે છે, વડીલ સભાઓ તથા મંડળીઓની વ્યવસ્થા સંભાળી રાખે છે. એ ઉપરાંત સ્વદેશ તથા પરદેશમાં ધર્મપ્રસાર કરવાને સભાઓ સ્થાપવાનો અધિકાર પણ મહા વડીલ સભાને છે, અને ઇશ્વર સંબંધી જ્ઞાન આપવાનું અને બીજી ખ્રીસ્તી શાળાઓ તથા ઉંચી કેળવણી આપનારાં વિદ્યાલયોનો નિભાવ કરવાનું કામ મહા વડીલ સભા પોતાને હસ્તક રાખે.

કલમ ૧૪ મી.

સાર્વજનિક મહા સભા (જેનરલ એસેમ્બ્લી).

વડીલ સભાઓએ પસંદ કરીને નિમેલા પ્રતિનિધિઓની બનેલી સભાને સાર્વજનિક મહાસભા અથવા જેનરલ એસેમ્બ્લી કહેછે. દરેક વડીલ સભા પોતાની હદમાં આવેલી દર પાંચ મંડળીઓ દીઠ તથા તેના વિભાગ દીઠ એક ધર્મોપદેશક અને એક વડીલની નિમણુક કરે, અને (ઉપલી ગણત્રીમાં નહિ આવેલા) દર પાંચ ધર્માધિકારની દીક્ષા પામેલા પાદરી સાહેબો દીઠ અથવા તેના વિભાગ દીઠ એક પાદરી સાહેબની નિમણુક કરે. સંયુક્ત મંડળીનાં બધાં કામકાજો ઉપર દેખરેખ રાખવાનું તથા તેનું હિત જાળવવાનું કામ સાર્વજનિક મહા સભાનું છે. તે માટે એ સભા મહા વડીલ સભાને સ્થાપે, જોડી દે, તેઓના

વિભાગ પાડે અથવા તેઓને બંધ કરે; તેઓની હદ નક્કી કરે અને દફતર તપાસે; રીતસર રજુ કીધેલી બાબતો અને અપીલોનો ચુકાદો કરે. મંડળીના કાયદા કાનૂનો તથા વિશ્વાસનામાના અર્થનું સ્પષ્ટિકરણ કરે, અને આખા મંડળીમાં યોગ્ય વ્યવસ્થા રાખે. એ ઉપરાંત સાર્વજનિક મહાસભા સ્વદેશ તથા પરદેશમાં ધર્મપ્રસાર કરવાને સભાઓ સ્થાપે, ઇશ્વર સંબંધી જ્ઞાન આપવાનું તથા બીજી ખ્રીસ્તી શાળાઓ તથા ઉંચી કેળવણી આપનારા વિદ્યાલયોનો નિભાવ કરવાનું કામ પોતાને હસ્તક રાખે.

કલમ ૧૫ મી.

મંડળીના કાયદા તથા વિશ્વાસનામામાં સુધારો વધારો કરવા વિષે.

મંડળીના કાયદા કાનૂન તથા વિશ્વાસનામામાં સુધારો કરવો હોય તો તે બાબતની ભલામણ પ્રથમ વડીલ સભાએ સાર્વજનિક મહા સભાને કરવી. સાર્વજનિક મહા સભાને યોગ્ય લાગે તો ભલામણ કરનારી વડીલ સભા ઉપર તે કામ પાછું મોકલે; અથવા તો તે તેના નિકાલને માટે જુદી જુદી વડીલ સભા ઉપર સુધારા સાથે કે તે કીધા વગર મોકલે.

વડીલ સભામાં એ બાબત જે મત લેવામાં આવે તે માત્ર તરફેણમાં કે વિરૂદ્ધમાં, (હા કે ના) એટલું જણાવે; અને તે મત સાર્વજનિક મહા સભાના મળવા પછી ઓછામાં ઓછા છ માસ પછી એકઠી થએલી વડીલ સભાઓમાં લેવામાં આવે. તરફેણમાં કેટલા મત અને વિરૂદ્ધમાં કેટલા મત, તેની સંખ્યા વડીલ સભાઓના ચિટણીસો સાર્વજનિક મહા સભાના ચિટણીસ ઉપર મોકલી આપે. મતની એકંદર સંખ્યાનો બેતૃતિયાંશ સુધારાની તરફેણમાં પડે તો તે સુધારો મંડળીના કાયદા કાનૂન કે વિશ્વાસનામાના ભાગ તરીકે ગણવામાં આવશે.

મંડળીના કાનૂનો.

કાનૂન ૧ લો.

જે વિશ્વાસીઓની મંડળી નહિ બંધાયલી હોય તેઓ વિષે.

હિંદુસ્તાનમાંની પ્રેસ્બિટેરીયન મંડળીની સાથે સંબંધ ધરાવતી બાપ્તિસ્મા પામેલા વિશ્વાસીઓની વ્યવસ્થારહિત સમાજો, જે વડીલ સભાની હદમાં તે હોય તેના અધિકાર નીચે સમજવી. જે સંભાળ તથા દેખરેખનું કામ વડીલ સભા બજાવે છે તેમાં સ્થાનિક સભાઓથી સાધારણ રીતે બજાવાતાં કામનો સમાવેશ છે, અને તે કામ વડીલ સભા કોઇ પાદરી સાહેબને, પંચને, અથવા કોઇ સુવાર્ત્તિકને સોંપી શકે. જેને એ કામ સોંપવામાં આવે તેને શીર સભાસદોનાં નામોનું પત્રક રાખવાની જવાબદારી છે.

કાનૂન ૨ જો.

મંડળીઓની સ્થાપના.

વિશ્વાસીઓની કોઇ સમાજ મંડળી તરીકે પોતાનું બંધારણ કરાવવાની ઇચ્છા રાખતી હોય તેણે જે વડીલ સભાની હદમાં પોતાની સમાજ હોય તે વડીલ સભાને અરજ કરવી. તે અરજી ઉપર બધા અરજદારોએ સહીઓ કરવી; અને તેમાં બાપ્તિસ્મા કોણે કોણે લીધેલું છે તે જણાવવું. જો વડીલ સભાને તે અરજી મંજૂર કરવી યોગ્ય લાગે તો મંડળી સ્થાપવાને તથા તે ઉપર યથાવિધિ અમલદારોની નીમણુક કરવા તે એક પંચ નીમશે. હરકોઇ મંડળીના થોડા ઘણા વિશ્વાસીઓને પોતાની જુદી મંડળી બંધાવવી હોય તો તેમને પણ આ કાનૂન લાગુ પડશે.

કાનૂન ૩ જો.

મંડળીઓનું અન્ય પ્રેસ્બિટેરીના અધિકાર નીચે જવું.

જો કોઇ મંડળીને એક વડીલ સભા સાથેનો સંબંધ ફેરવી બીજી વડીલ સભાના સંબંધમાં જવાની ઇચ્છા હોય તો તેણે મહા વડીલ સભાને અરજ કરવી. જો તે અરજ મહા વડીલ સભાને યોગ્ય લાગશે તો જે વડીલ સભામાં દાખલ થવાની તેની ઇચ્છા હશે તે વડીલ સભાના પત્રકમાં તે મંડળીનું નામ દાખલ કરી આપવામાં આવશે.

કાનૂન ૪ થો.

મંડળીઓના જોડાઈ જવા વિષે.

૧. એક વડીલ સભાની હદમાંની બે અથવા વધારે મંડળીઓ જોડાઇ જવા માગતી હોય તો દરેકે વડીલ સભાને અરજ કરવાને પોતપોતાની પંચ નીમવી. જો વડીલ સભાને યોગ્ય લાગશે તો તે મંડળીઓ જોડી દેવાને અને વિધિપૂર્વક તેના ઉપર અમલદારો નીમવાને એક પંચની નીમણુક કરશે.

૨. જોડાઇ જનારી મંડળીઓ જો જુદી જુદી વડીલ સભાની હદમાંના હોય, તો જે મંડળી પોતાની વડીલ સભાનો સંબંધ બદલવા માગતી હોય તેને ત્રીજા કાનૂન પ્રમાણે ફેરબદલીને માટે મહા વડીલ સભાને અરજ કરવી. જો મહા વડીલ સભાને યોગ્ય લાગે તો માગેલી ફેરબદલી કરવામાં આવશે; એ થયા બાદ આ કાનૂનના પહેલા ફકરામાં જણાવ્યા મુજબ તે કામ આગળ ચલાવવામાં આવશે.

કાનૂન ૫ મો.

મંડળીઓને દાખલ કરવા તથા કાઢી નાખવા વિષે.

૧. જો કોઇ મંડળીને હિન્દુસ્તાનની પ્રેસ્બિટેરીયન મંડળીમાં દાખલ થવાની ઇચ્છા હોય તો તેણે પોતાની નજદીકમાં નજદીક

જે વડીલ સભા હોય તેને અરજ કરવી. જો વડીલ સભાને યોગ્ય લાગશે તો તે અરજ મંજૂર કરવામાં આવશે ; અને તે મંડળીની કાયદા કાનૂન પ્રમાણે સ્થાપના કરવાને માટે વડીલ સભા એક પંચ નીમશે. આવી મંડળીનો પાળક ચૌદમા કાનૂનના પહેલા ફકરાની રૂએ વડીલ સભામાં દાખલ થશે.

૨. હિન્દુસ્તાનમાંની પ્રેસ્બિટેરીયન મંડળીમાંથી કોઇ મંડળીને નીકળી જવાની ઇચ્છા હોય તો જે વડીલ સભાના અધિકાર નીચે તે મંડળી હોય તેને અરજ કરવી. જો વડીલ સભાને યોગ્ય લાગશે તો તે તેમ કરવાને તેને રજા આપશે, અને તે મતલબનો પત્ર લખી આપશે.

કાનૂન ૬ ઠો.

મંડળીઓ, વડીલ સભાઓ, અને મહા વડીલ સભાઓને બરખાસ્ત કરવા વિષે.

૧. જો વડીલ સભાની નજરમાં એવું લાગે કે અમુક મંડળી એટલી બધી નબળી છે કે, જે હેતુને માટે તે સ્થાપવામાં આવી હતી તે હેતુ તે પાર પાડી શકતી નથી, અથવા વડીલ સભામાં તે મંડળીના પ્રતિનિધિઓ હાજર રહે એ વાજબી જણાતું નથી, અથવા વડીલ સભા તરફથી ઠપકો મળ્યા છતાં ખ્રીસ્તના નામને એબ લગાડે એવાં ધોરણો અથવા વર્ત્તણુક ચલાવી જાય છે, તો વડીલ સભા તે મંડળીનું નામ પોતાના પત્રકમાંથી કમી કરે, અને તેના સભાસદોને બંધારણ વગરની મંડળીના વિશ્વાસીઓ તરીકે નોંધી શકે.

૨. જો મહા વડીલ સભાની નજરમાં એમ લાગે કે, અમુક વડીલ સભા એટલી નબળી છે કે, જે હેતુને માટે તે સ્થાપવામાં આવી હતી તે પાર પાડી શકતી નથી, અથવા મહા વડીલ સભા

તરફથી ઠપકો મળ્યા છતાં ખ્રીસ્તના નામને એબ લગાડે એવાં ધોરણો અથવા વર્ત્તણુક ચલાવી જાય છે, તો મહા વડીલ સભા તે વડીલ સભાનું નામ પોતાના પત્રકમાંથી કમી કરે; અને એમ કરવું પડે તો તેમાંની યોગ્ય વર્ત્તન ચલાવનારી મંડળીઓને, પાળકોને, તથા લાઇસેન્શ્યેટોને બીજી વડીલ સભામાં બદલી કર્યાના પત્રો આપે.

૩. સાર્વજનિક મહા સભાની નજરમાં એવું લાગે કે, કોઇ મહા વડીલ સભા એટલી બધી નબળી છે કે, જે હેતુને માટે તે સ્થાપવામાં આવી હતી તે હેતુ તે પાર પાડી શકતી નથી, અથવા સાર્વજનિક મહા સભા તરફથી ઠપકો મળ્યા છતાં ખ્રીસ્તના નામને એબ લગાડે એવાં ધોરણો અથવા વર્ત્તણુક ચલાવી જાય છે, તો સાર્વજનિક મહા સભા તે મહા વડીલ સભાનું નામ પોતાના પત્રકમાંથી કમી કરે; અને આવી રીતે બરખાસ્ત થયલી મહા વડીલ સભાની હદમાં આવેલી વડીલ સભાઓને માટે પોતાને યોગ્ય લાગે એવો બંદોબસ્ત કરે.

કાનૂન ૭ મો.

ધર્મસેવકોને ધર્મપદદીક્ષા આપવા વિષે.

૧. મંડળીમાં કોઇ પણ હોદ્દાને માટે કોઇ પુરૂષને વિધિપૂર્વક જૂદો પાડી નીમવો તેને ધર્મપદદીક્ષા કહે છે.

૨. સાધારણ નિયમ પ્રમાણે જે પુરૂષ ધર્મસેવકની પદવી મેળવવાને ઉમેદવારી કરે તેણે વડીલ સભાએ માન્ય કીધેલી કોઇ પણ ઇશ્વરજ્ઞાનવિષયક શાળામાં અમુક અભ્યાસક્રમ પુરો કરેલો હોવો જોઇએ.

૩. જે પુરૂષ ધર્મસેવકની પદવીની ઉમેદવારી કરે તેના ધાર્મિક વર્તન વિષે તથા ધર્મસેવક થવાના હેતુ વિષે પાકી તજ-

વીજ કરવામાં આવશે. પછી જુના તથા નવા કરારમાં, ઇશ્વર સંબંધી જ્ઞાનના જુદા જુદા વિષયોમાં, મંડળીના ઇતિહાસમાં, ખ્રીસ્તી ધર્મની સત્યતાનાં પ્રમાણોમાં, અને મંડળીની વ્યવસ્થા ચલાવવાને જે ખાસ કાયદા કાનૂનો ઘડવામાં આવ્યાં છે તે વિષયોમાં તેની પરીક્ષા લેવામાં આવશે, અને તેમાં તેણે પોતાની યોગ્યતા સિદ્ધ કરી આપવી પડશે. તેણે પવિત્ર ધર્મશાસ્ત્રના હરકોઇ ફકરાનો કે વાક્યનો બારીકી ભરેલો ખુલાસો લખી આપવો પડશે અથવા બોધભાષણ કરવું પડશે. શાસ્ત્રના જે વાક્યને આધારે બોધભાષણ કરવાનું અથવા શાસ્ત્રના જે ફકરા ઉપર વિવેચન કરવાનું હશે તે ઘણું કરીને અધ્યક્ષ સાહેબ કાઢી આપશે.

૪. પરીક્ષાનું પરિણામ વડીલ સભાને સંતોષકારક લાગે તો વિશ્વાસનામાની તળે જે કબૂલાતનામું આપેલું છે તે શબ્દોમાં તેણે જાહેર રીતે કબૂલાત આપવી, કે મંડળીના કાયદા કાનૂનનો તથા વિશ્વાસનામાનો હું અંતઃકરણપૂર્વક સ્વીકાર કરૂં છું, અને હિન્દુસ્તાનમાંની પ્રેસ્બિટેરીયન મંડળીના ધર્મસેવક (પાળક) તરીકેની મારી સર્વે ફરજો વિશ્વાસુપણે અદા કરવાનું હું વચન આપું છું.

૫. તે પ્રસંગે હાજર રહેલા ધર્મસેવકો તેને માથે પોતાના હાથ મુકશે, અને અધ્યક્ષ અથવા અધ્યક્ષે પસંદ કરેલો કોઇ બીજો ધર્મસેવક તે દીક્ષાને માટે ઠરાવેલાં વચનો વાંચી સંભળાવશે, તથા તેના સંબંધમાં પ્રાર્થના કરાવશે.

૬. વડીલ સભાની નજરમાં આવે તો ધર્મપદદીક્ષાની ક્રિયા કરાવવા સારૂ તે પંચ નીમે.

કાનૂન ૮ મો.

ધર્મસેવકપદ છોડી દેવા વિષે.

જો કોઇ પણ ધર્મસેવક (કે જેને વિષે કોઇ પણ બીજા પ્રકારનો વાંધો લેવામાં આવ્યો ન હોય) તેને પૂરેપૂરી ખાતરી થાય કે મને ધર્મસેવા બજાવવાના કામને માટે ઇશ્વર તરફથી તેડું થયું નથી, તો વડીલ સભા પત્રકમાંથી તેનું નામ કાઢી નાખે. જો કોઇ ધર્મસેવક સેવાનું કાર્ય કરવું છોડી દે, તો વડીલ સભા યોગ્ય ખબર આપ્યા પછી તેનું નામ પત્રકમાંથી (જો નહિ કાઢવાને માટે સબળ કારણ દર્શાવવામાં ન આવે તો) કાઢી નાખી શકે. આ પુરૂષોને જો ફરી દાખલ થવું હશે તો યોગ્ય તપાસ ચલાવ્યા વગર દાખલ કરવામાં આવશે નહિ. આવી દરેક બાબતમાં વિગતવાર હકીકત જણાવીને વડીલ સભા તરફથી પત્ર આપવામાં આવશે.

કાનૂન ૯ મો.

ધર્મોપદેશકોને લાઇસેન્સ (પરવાનગી) આપવા વિષે.

૧ લાઇસેન્સ પામવાની ઉમેદવારી કરનારે વડીલ સભાએ મુકરર કીધેલો અભ્યાસક્રમ પુરો કીધા પછી, એને પોતાની ચાલચલગત વિષે તથા પોતે કઇ મંડળીનો કેવી તરેહનો સભાસદ છે તે બાબત સંતોષકારક ભલામણપત્ર રજુ કર્યા પછી, તેની ધાર્મિક જીંદગીને લગતી અને શાં શાં કારણો અને હેતુઓથી સુવાર્ત્તા પ્રસારનું કામ પોતે માથે લેવા ઇચ્છે છે, તેને લગતી પાકી તજવીજ કરવામાં આવશે. ત્યાર બાદ જુના તથા નવા કરારમાં ખ્રીસ્તી ધર્મની સત્યતાનાં પ્રમાણોમાં, ઇશ્વર સંબંધી જ્ઞાનના જુદા જુદા વિષયોમાં, મંડળીના ઇતિહાસમાં, તથા

મંડળીના કાયદા કાનૂન તથા વિશ્વાસનામામાં તેની પરીક્ષા લેવામાં આવશે; એ ઉપરાંત તેને બોધભાષણ પણ કરવું પડે.

૨. ઉપલી પરીક્ષા સંતોષકારક રીતે પસાર કર્યા બાદ વિશ્વાસનામાની તળે જે કબૂલાતનામુ આપેલું છે તેમાંના શબ્દો વાપરીને ઉમેદવારે મંડળીના કાયદા કાનૂનોનો તથા વિશ્વાસ-નામાનો ખરા અંત:કરણથી હું સ્વીકાર કરૂં છું એવું જાહેર રીતે જણાવવું પડશે. વળી હિંદુસ્તાનની પ્રેસ્બિટેરિયન મંડળીના લાઇસેન્શ્યેટ તરીકેની મારી સર્વે ફરજો વિશ્વાસુપણે અદા કરીશ એવું વચન પણ આપવું પડશે ત્યાર પછી વડીલ સભાના અધ્યક્ષ અથવા તેનાથી નીમાયલા કોઇ ધર્મસેવક પ્રાર્થના કરીને ઉમેદવારને લાઇસેન્સ આપશે.

૩. ઉમેદવાર જે મંડળીનો સભાસદ હોય તે મંડળી જે વડીલ સભા સાથે સંબંધ ધરાવતી હોય તે વડીલ સભા તેની પરીક્ષા ઘાણું કરીને લે. એમ છતાં સગવડતાને ખાતર કોઇએક વડીલ સભા બીજી વડીલ સભાના સભાસદની પરીક્ષા લઇ લાઇસેન્સ આપી શકે.

૪. જો કોઇ વખતે કોઇ લાઇસેન્શ્યેટ પોતાનું કામ છોડી દે, અથવા તે કામ ચલાવવા અયોગ્ય નીવડે, અથવા હિંદુસ્તાન-માંની પ્રેસ્બિટેરિયન મંડળીના સમાગમમાંથી નીકળી જાય તો વડીલ સભા તેને આપેલું લાઇસેન્સ રદ કરે.

કાનૂન ૧૦ મો.

પાળકોની ચુંટણી વિષે.

મંડળીના પાળકની ચુંટણી તે મંડળીના પ્રભુભોજન સંસ્કાર પાળનારા જે સભાસદો તે કાર્યને માટે નિયમાનુસાર બોલાવેલી સભામાં હાજર હોય તેઓએ કરવી. એ સભા ભરવા બાબતની

જાહેર ખબર સભા મળવાના દિવસ અગાઉના બે વિશ્રામવારે આપવી. ચુંટણીની બાબતમાં સભામાં જેટલા મતો પડે તેનો બેતૃતિયાંશ, ઉમેદવારની તરફેણમાં પડવો જોઇએ, અને તે મંડળીના પ્રભુભોજનના સંસ્કાર પાળનારાઓની છેવટે ચોખ્ખી બહુમતી હોય તો તેને તેડું થાય.

કાનૂન ૧૧ મો.

પાળકોને પાળકપદ સોંપવા વિષે.

૧. અમુક મંડળીનો પાળક થવા માટે કોઇ ધર્મસેવકની ચુંટણી થઇ હોય અને તેણે મંડળી તરફથી તે તેડું સ્વીકારવાની ખાયેશ જાહેર કીધી હોય તો તેડું કરનાર મંડળીમાંની પંચ તથા ઉમેદવાર પાળક બન્ને મળીને પોતાની ઉપરી વડીલ સભાને અરજ કરે કે ઉપલી મંડળીનું પાળકપદ યથાવિધિ તે ઉમેદવાર પાળકને સોંપવામાં આવે. જો વડીલ સભા મંજૂર રાખે તો તે ઉમેદવારને યથાવિધિ પાળકપદ આપવાની ગોઠવણ કરે. પાળકને પાળકપદ આપવાની પરવાનગી વડીલ સભા આપે ત્યાર પહેલાં મંડળી પાસે કબૂલાત લેશે કે પાળકનો આખો પગાર કે તેનો અમુક ભાગ અમે આપીશું. પ્રત્યેક મંડળીએ કેટલો હિસ્સો આપવો તેનો નિર્ણય વડીલ સભા કરશે.

૨. ચુંટી કઢાયલો ઉમેદવાર પાળક જો લાઇસેન્શ્યેટ હોય તો તેને પાળકપદ સોંપવા અગાઉ તેની પરીક્ષા લીધામાં આવશે, અને તેને ધર્મપદદીક્ષા આપવામાં આવશે.

૩. ચુંટી કઢાયલો ઉમેદવાર પાળક જો બીજી વડીલ સભાના તાબાનો હશે તો ધર્મપદદીક્ષા પામ્યા પહેલાં તેણે બદલીનો પત્ર રજુ કરવો પડશે.

કાનૂન ૧૨ મો.

પાળકોને તેઓના હોદ્દા ઉપરથી મુક્ત કરવા વિષે.

કોઇ મંડળીના પાળકને મંડળી સાથેના તેના બંધનથી મુક્ત કરવો જોઇએ એમ મંડળીને કે પાળકને પોતાને મુનાસબ લાગે તો મંડળીમાંની પંચ તથા પાળક બન્ને મળીને વડીલ સભા આગળ તે બાબત રજુ કરે. જો વડીલ સભાને યોગ્ય લાગે તો સદહું પાળકને તેના કામથી મુક્ત કરે

કાનૂન ૧૩ મો.

ધર્મસેવકો તથા લાઈસેન્શ્યેટોની બદલી વિષે.

કોઇ ધર્મસેવક કે લાઇસેન્શ્યેટને એક વડીલ સભામાંથી બીજી વડીલ સભામાં બદલી કરાવવી હોય તો જે વડીલ સભા તે છોડવાનો હોય તેના અધ્યક્ષ તથા ચિટણીસની સહીવાળો બદલીનો પત્ર બીજી વડીલ સભા આગળ રજુ કરે તોજ તેની બદલી થાય. બદલીનો પત્ર સ્વીકારાયા બાદ બદલી થયલા પુરૂષનો આગલી વડીલ સભા સાથેનો સંબંધ પતી ચુકેલો મનાશે.

કાનૂન ૧૪ મો.

ધર્મસેવકોના તથા લાઇસેન્શ્યેટોના દાખલ કરવા તથા મુક્ત કરવા વિષે.

૧. જો કોઇ બીજી મંડળીનો ધર્મસેવક અથવા લાઇસેન્શ્યેટ હિંદુસ્તાનની પ્રેસ્બિટેરિયન મંડળીમાં દાખલ થવાની ખાયેશ રાખતો હોય તો તેણે વડીલ સભાને અરજી કરવી. તેણે વિશ્વાસનામાની તળે લખેલા કબૂલાતનામાના શબ્દો વાપરીને જાહેર રીતે એવી કબૂલાત આપવી કે, મંડળીના કાયદાકાનૂનોનો તથા વિશ્વાસનામાનો ખરા અંતઃકરણપૂર્વક સ્વીકાર કરૂં છું; અને જે

બની શકે તો જે મંડળીમાંથી તે આવતો હોય તેના યોગ્ય અધિકારીની સહી સાથેનો પોતે છુટા થયાનો પત્ર તેણે રજુ કરવો. તેના ધર્મસેવકપદ બાબત, લાયકાત તથા ચાલચલગત બાબત પાકી તજવીજ કીધા પછી વડીલ સભાને યોગ્ય લાગે તો તે તેને દાખલ કરવાની ભલામણ મહા વડીલ સભાને કરશે. જે ધર્મસેવકોની તથા વડીલોની પોતાની વડીલ સભાઓ તરફથી હિંદુસ્તાનમાં મિશનેરીઓ અથવા ચાપલેનો તરીકે નીમણુક થઇ હોય ને એવી નીમણુકના પત્રો રજુ કરે તો મહા વડીલ સભાને પુછયા વગર તેઓને દાખલ કરી શકાય.

૨. જો કોઇ ધર્મસેવકને અથવા લાઇસેન્શ્યેટને બીજી કોઇ મંડળીમાં દાખલ થવાની ઇચ્છા હોય તો તેણે વડીલ સભાને અરજી કરવી. જો વડીલ સભાને યોગ્ય લાગે તો તેને મુક્ત કીધા સંબંધીનો પત્ર આપવામાં આવશે. બીજી મંડળીએ તેનો સ્વીકાર કર્યા બાદ આગલી વડીલ સભા સાથેનો તેનો સંબંધ બંધ થશે.

કાનૂન ૨૫ મો.

વડીલો તથા સહાયકારીઓની ચુંટણી તથા તેઓની ધર્મપદદીક્ષાક્રિયા કરવા વિષે.

૧. પ્રભુભોજન સંસ્કાર પાળનારા મંડળીના જે સભાસદો હોય તેઓજ વડીલોની ચુંટણી કરે. એ ચુંટણી કાર્યને માટે રીતસર ભેગી કીધેલી સભામાં કરવામાં આવશે. એ સભા જે દિવસે ભરવાની હોય તેની અગાઉના બે વિશ્રામવારે તે વિષેની જાહેર ખબર આપવામાં આવશે. એ પ્રમાણે થએલી ચુંટણી જો સ્થાનિક સભાની નજરમાં યોગ્ય નહિ લાગે તો ધર્મપદદીક્ષા આપ્યા પહેલાં એ બાબત વડીલ સભા આગળ રજુ કરવામાં આવશે. ઘણું કરીને જે વડીલોને ચુંટી કાઢવામાં આવે તેઓ

પોતાની જીંદગી પર્યંત સેવા બજાવે, પણ મંડળી અમુક વરસો સુધી સેવા બજાવવાને માટે ખાસ ચુંટણી કરવા ચાહે તો તે કરે, તે એવી શરતે કે જે વડીલોને એક વાર ધર્મપદદીક્ષા આપવામાં આવી હોય તેઓ જો ફરીથી ચુંટાય નહિ તો તેઓનો વડીલ તરીકેનો હોદ્દો તેમની પાસેથી લઇ લેવાય નહિ, પણ સ્થાનિક સભામાં તથા સહાયકારીઓની સભામાં તેઓને આમંત્રણ કરવામાં આવે તો સલાહ આપવાનો તેઓને અધિકાર રહેશે, અને સ્થાનિક સભા અથવા વડીલ સભા તેમની નીમણુક કરે તો તે અમુક મંડળી તરફથી ચઢતા વર્ગની ધર્મસભામાં પ્રતિનિધિ તરીકે તેઓ બેસી શકે; જો બની શકે તો તેઓના એવા વર્ગ પાડવા કે તેઓના હોદ્દાની મુદ્દત એકી વખતે પુરી થાય નહિ. કોઇ ઉમેદવારની ચુંટણી થતી હોય તો જેટલા મતો પડે તેનો બેતૃતિયાંશ ઉમેદવારની તરફેણમાં પડે તોજ તે ચુંટી કઢાયલો કહેવાય. વડીલો પહેલી વખતે ચુંટાય તે વખતે તેઓને ધર્મ-પદદીક્ષા આપવામાં આવશે, પણ ત્યાર પછી જ્યારે જ્યારે તેમની ચુંટણી કરવામાં આવે, ત્યારે ત્યારે માત્ર તેઓની ચુંટણી રીતસર જાહેર કરવામાં આવે. દીક્ષા આપતી વખતે વિશ્વાસનામાની તળે લખેલા કબૂલાતનામાના શબ્દો વાપરીને જાહેર રીતે તેણે એવી કબૂલાત આપવી કે, હું મંડળીના કાયદાકાનૂનો તથા વિશ્વાસનામાનો સ્વીકાર કરૂં છું, અને વડીલ તરીકે મારા હોદ્દાની તમામ ફરજો ખરા અંતઃકરણથી બજાવવાને વચન આપું છું. તેમને દીક્ષાક્રિયા પાળકો તથા વડીલો કરશે અથવા વડીલ સભાની ઇચ્છા હોય તો વડીલ સભા પોતે કરે. જો મંડળી પાળક વગરની હોય અથવા એ ફરજ બજાવવાને પાળક અશક્ત હોય તો તે કામ કરવાને તેને બદલે હિંદુસ્તાનની પ્રેસ્બિટેરિયન મંડળીના કોઇ બીજા ધર્મસેવકને આમંત્રણ કરવામાં આવે.

૨. જે નિયમો મુજબ વડીલોની ચુંટણી વિગેરે કરવામાં આવે છે તેજ નિયમો મુજબ સહાયકારીઓની ચુંટણી તથા દીક્ષાક્રિયા કરવામાં આવશે. અને તેજ નિયમો મુજબ પોતાના હોદાની ફરજો બજાવવી.

કાનૂન ૧૬ મો.

પ્રભુભોજન સંસ્કારમાં દાખલ કરવા વિષે.

પ્રભુભોજનમાં દાખલ થવા ઇચ્છનાર માણસોએ પોતાના જ્ઞાન, વિશ્વાસ તથા રહેણીકરણી વિષે સ્થાનિક સભાની ખાતરી કરી આપવી જોઇએ. તેઓએ એવું વચન આપવું જોઇએ કે, જ્યાં સુધી અમે હિંદુસ્તાનની પ્રેસ્બિટેરિયન મંડળીના સભાસદ રહીશું ત્યાં સુધી તેની નસીહતને તાબે થઇશું. વળી મંડળીના સભાસદોનાં છોકરાં નાનપણમાં બાપ્તિસ્માસંસ્કાર પામ્યાં હોય તોપણ તેઓ આ પરીક્ષામાં પસાર થાય અને વિશ્વાસની તથા આજ્ઞાપાલનની કબૂલાત આપે ત્યાર પછીજ તેમને પ્રભુભોજન સંસ્કારમાં દાખલ કરવામાં આવે.

કાનૂન ૧૭ મો.

મંડળીના સભાસદોની ફેરબદલી અથવા તેઓને છુટા થવા દેવા વિષે.

મંડળીનો કોઇ પણ સભાસદ કે જેને વિષે કોઇ પણ જાતનો વાંધો લેવામાં આવ્યો ન હોય, તે પોતાની બદલી કરાવવા માગતો હોય કે મંડળીથી છુટો પડવાની ખાયેશ દર્શાવતો હોય તો સ્થાનિક સભાને અરજી કરવાથી તેને તે બાબતનો પત્ર આપવામાં આવે. જેઓને આવા પત્રો મળ્યા હોય તેઓ બીજી મંડળીમાં દાખલ થાય ત્યાં સુધી તેઓની આગલી મંડળીના સભાસદ તરીકે કાયમ ગણાશે અને તેની સ્થાનિક સભાની

નસીહતને તાબે રહેવું પડશે. જ્યારે કોઇ સ્થાનિક મંડળી આવા ફેરબદલીના પત્રો રજુ કરવાથી કોઇને દાખલ કરે ત્યારે તે સ્થાનિક સભાએ તુરત તે પત્ર આપનારી મંડળીને ખબર આપવી જોઇએ. આ કાનૂનમાં સમાયલાં નિયમતત્વો વિશ્વાસીઓની વ્યવસ્થારહિત સમાજોને પણ લાગુ પડે છે.

કાનૂન ૧૮ મો.

નસીહત વિષે.

૧ નસીહતના હેતુઓ એ છે કે મંડળીની શુદ્ધતા જળવાય અને દોષિતનું ભલું થાય. બધા પ્રકારની નસીહતમાં ખ્રીસ્તનાં વચનો (માત્થી ૧૮; ૧૫-૧૭) માં જે કહેલું છે તેના ભાવાર્થ પ્રમાણે વર્તવુ.

૨. ધર્મસેવકો તથા લાઇસેન્શ્યેટો નસીહતની બાબતમાં વડીલ સભાને તાબે છે; બીજા બધા ખ્રીસ્તીઓ, જે મંડળીના તેઓ સભાસદો હોય, તેની સ્થાનિક સભાની નસીહતને તાબે છે.

૩. મંડળીના કોઇ પણ સભાસદના, અમલદારના, અથવા ન્યાયસભાના મતમાં, ધોરણમાં, અથવા વર્તનમાં આ મંડળીના બંધારણ અથવા વિશ્વાસનામામાં જણાવ્યા મુજબ ઇશ્વરદત્ત શાસ્ત્રથી કંઇ પણ વિરૂદ્ધ હોય તેનું નામ ગુન્હો; જારકર્મ, વ્યભિચાર, જુઠા સોગન, હડહડતું અપ્રમાણિકપણું, અથવા છાકટાપણું, એવા જાહેર કલંક લગાડનારા ગુન્હાઓને માટે વધારે ખાસ કરીને નસિહતનો અમલ કરવામાં આવશે. વધારે હલકા પ્રકારના ગુન્હાઓની બાબતમાં સ્થાનિક સભા અથવા વડીલ સભા જાહેર રીતે નસિહત આપે તેના કરતાં અધ્યક્ષ સાહેબ ખાનગી રીતે ઠપકો આપે તો તેથી ઘણી વાર નસિહતની નેમ વધારે સારી રીતે સચવાય.

૪. મંડળીની ન્યાયસભામાં ત્હોમતદાર અપરાધી ઠરે તો, ફેંસલાદ્વારે એવી વાત ગંભીર રીતે પ્રગટ કરવામાં આવે છે કે, ત્હોમતદારની વર્ત્તણુક તેનાં આપેલાં વચનો વિરૂદ્ધ માલમ પડી છે, અને તેણે પશ્ચાત્તાપ કરવો જોઇએ. સાધારણ રીતે નીચે જણાવેલા પ્રકારોની શિક્ષા ઠરાવવામાં આવી છે:—

(૧) શિખામણ, (સ્થાનિક સભાની રૂબરૂ ખાનગી રીતે અથવા સમાજ સમક્ષ જાહેર રીતે).

(૨) ઠપકો, (,, ,, ,,)

(૩) મંડળીના કામદારના હોદ્દા પરથી અમુક મુદ્દત સુધી તેને દૂર રાખવો, અથવા હમેશને માટે તેના પદ ઉપ-રથી તેને ભ્રષ્ટ કરવો.

(૪) મંડળીના સભાસદના હકના ભોગવટામાંથી અમુક મુદ્દત સુધી તેને દૂર કરવો.

(૫) મંડળી બહાર તેને કાઢી મુકવો.

૫. નસિહતના હેતુ પાર પડે ત્યારે નસિહત પામેલા પુરૂષને તેના આગલા પદ ઉપર પાછો નીમવામાં આવે, અને સાધારણ નિયમ એ છે જે, જે ન્યાયસભાએ તેને નસિહત આપી હોય તેજ ન્યાયસાભા તેને પાછો તે પદ ઉપર લાવે. કોઇ ખાસ પ્રસંગમાં ધર્મસેવકોને અથવા લાઇસેન્શ્યેટોને બીજી વડીલ સભા પાછા દાખલ કરી શકે, પણ જે વડીલ સભાએ તેને નસિહત આપી હોય તેની સમ્મતિ તેમ થવામાં હોવીજ જોઇએ. અને જેને તેના પદ ઉપરથી ભ્રષ્ટ કીધો હશે તેને તો કેટલીક મુદ્દત સુધી પશ્ચાત્તાપ વગર, અને ઉત્તમ ચ લચલગતની તેણે ખાતરી આપ્યા વગર ફરીથી નીમવામાં આવશે નહિ. એજ નિયમાનુસાર કોઇ પણ સ્થાનિક સભા નસિહત પામેલા પુરૂષને તેની જગા ઉપર પાછો લાવી શકે, પણ તેમ કરવામાં જે સ્થાનિક સભાએ તેને દોષિત ઠેરવ્યો હોય તેની સમ્મતિ તો જોઇએજ.

કાનૂન ૧૯ મો.

ચઢીઆતી સભા પાસે સલાહ કે નિવેડો માગવા વિષે.

કોઇ પણ સ્થાનિક સભા અથવા મંડળી પોતાના અધિકારની બાબત હોય છતાં તે બાબત વિષે સલાહ જોઇતી હોય અથવા નિરાકરણ જોઇતું હોય તો તેને માટે વડીલ સભા ઉપર લખાણ કરે. એવીજ રીતે વડીલ સભા મહા વડીલ સભા ઉપર લખી શકે, અને મહા વડીલ સભા સાર્વજનિક મહા સભા ઉપર લખી શકે. સાધારણ રીતે તો દરેક સભાએ એવી બાબતનું નિરાકરણ પોતેજ કરવું. પણ જે બાબતો નવી હોય, મુશ્કેલ હોય, અથવા જેમાં ખાસ નાજુક હકીકત સમાયલી હોય, અને વિશેષે કરીને જે બાબત ઉપર સભામાં ઘણા મતભેદ હોય, તે બાબત ઉપલી સભા ઉપર લખાણ કરવું વાસ્તવિક છે. જે ન્યાયસભા ઉપર લખાણ કીધું હોય, તે તેનો ફૈસલો આપે, અથવા તે ફૈસલો કરવાનું કામ કમીટી નીમી, તેને સોંપે. ઉપલી સભા સલાહ કે ફૈસલો આપ્યા વગર તે કામ પાછું પણ મોકલી શકે.

કાનૂન ૨૦ મો.

અપીલો (ચઢીઆતી સભા પાસે દાદ માગવા) વિષે.

૧. સ્થાનિક મંડળી (કલમ ૪) નો કોઇ પણ અમલદાર (કલમ ૬, ૭) અથવા સભાસદ તે મંડળીએ અથવા સ્થાનિક સભાએ, અથવા મંડળીની કોઇ બીજી સભાએ કીધેલી શિક્ષાથી અથવા આપેલા કોઇ પણ ફૈસલાથી નારાજ હોય તો તે તેનાથી અનુક્રમે ચઢતી સભાને અપીલ કરે.

૨. આ પ્રમાણે જે ન્યાયસભાને અપીલ કરવામાં આવી હોય તે જે સભા વિરૂદ્ધ અપીલ કીધી હોય તેના ફૈસલાની શિક્ષા કાયમ રાખે, ઊલટાવી નાખે, તેમાં ફેરફાર કરે, અથવા તેને મોકુફ રાખે,

અથવા તે મુકદ્દમો સૂચના સાથે પાછો મોકલે, અથવા નસિહતને લગતી બાબત હોય તો જે માણસને નસિહત આપવાની હોય તેને જે ન્યાયસભાના ફેંસલા ઉપર અપીલ ગુજારી હોય તેનીજ પાયરીની કોઇ બીજી ન્યાયસભા ઉપર મોકલી આપવાનો કાગળ આપે.

કાનૂન ૨૧ મો.

મંડળીઓને લગતા ચાલુ નિયમો.

૧ **વાર્ષિક સભાઓ.**—મંડળીને લગતા હરકોઇ કામકાજ બાબત વિચાર કરી ઠરાવ કરવાને માટે સ્થાનિક સભા જે દિવસ મુકરરર કરે તે દિવસે વાર્ષિક સભા મેળવવી. આ સભા આગળ સ્થાનિક સભાના સભાસદો અને સહાયકારીઓ વર્ષ દરમ્યાન મંડળીની ધાર્મિક અને નાણાં સંબંધી સ્થિતિ વિષેની હકીકત જણાવે. એ ઉપરાંત વડીલ સભા અને મહા વડીલ સભાની સ્થિતિ કેવી છે, અને તેણે કેવું કામ બજાવ્યું છે તેનો સ્પષ્ટ રીતે હેવાલ રજુ કરવો મુનાસબ છે.

૨. **ખાસ સભાઓ.**—પાળક અથવા સ્થાનિક સભા યોગ્ય મુદત અગાઉ ખબર આપે તો મંડળીને લગતા હરકોઇ કામકાજ બાબત વિચાર કરી ઠરાવ કરવા ખાસ સભા ગમે ત્યારે મેળવી શકાય. મંડળીના જે સભાસદોને મત આપવાનો હક હોય તેમાંના ઓછામાં ઓછા દશાંશ સભાસદો ખાસ સભા મેળવવાની માગણી કરે ત્યારે, અથવા વડીલ સભા ફરમાવે ત્યારે સ્થાનિક સભાએ સભા મેળવવી.

૩. **કવોરમ** (કેટલા સભાસદો હોય તો મંડળીનું કામ ચાલે).—કામદારોની ચુંટણીને માટે જેઓને મત આપવાનો હક હોય તેઓમાંનો ઓછામાં ઓછો એક તૃતીયાંશ હોય તો પૂરતી

સંખ્યા (કે ક્વોરમ) ગણાય. હરકોઇ બીજું કામકાજ કરવાને એકપંચમાંશ પૂરતી ગણાશે.

૪. **મત આપવાના અધિકાર વિષે.**—જેઓ પ્રભુભોજન પાળનારા સભાસદો હોય, અને જેઓ નિયમિત રીતે પાળક (જો કોઇ હોય તો) ના નિભાવ માટે, અને મંડળીના ચાલુ ખરચ માટે નાણું ભરતા હોય, તેઓમાંના જેઓ હાજર હોય તેઓજ મત આપી શકે પણ જો સભામાં બે પક્ષ પડે અને તેમાં સરખા મત પડે તો આખરના નિર્ણય માટેજ અધ્યક્ષને પોતાનો મત આપવાનો હક છે.

૫. **અધ્યક્ષ વિષે.**—પાળકની ચુંટણીના સંબંધમાં જે સભાઓ બોલાવવામાં આવી હોય તેમાં વડીલ સભાએ નીમેલી સ્થાનિક સભાના અધ્યક્ષ અથવા પોતાને બદલે કામ ચલાવવાને હિંદુસ્તાનમાંની પ્રેસ્બિટેરિયન મંડળીનો તેનો નીમેલો કોઇ બીજો ધર્મસેવક અધ્યક્ષનું કામ કરે કોઇ બીજું કામ કરવાને માટે સભા બોલાવવામાં આવી હોય તો પાળક, કે વડીલ, કે સહાયકારી, કે મંડળીનો હરકોઇ સભાસદ અધ્યક્ષપદ ધારણ કરે.

૬. **દફતર રાખવા વિષે.**—હરકોઇ સભામાં જે કાંઇ કામકાજ થાય તેની દફતર ઉપર લેખી નોંધ લેવી, અને આવાં દફતરની સંભાળ સ્થાનિક સભાના ચિટણીસ રાખે.

કાનૂન ૨૨ મો.

સ્થાનિક સભાઓ માટે ચાલુ નિયમો.

૧. **સભાઓ.**—સાધારણ નિયમ મુજબ મુકરર સભાઓ દર મહિને એક વખત ભરવામાં આવશે, અને તેની તારીખ અને જગ્યા સ્થાનિક સભા મુકરર કરશે. ખાસ સભાઓ અધ્યક્ષ

અથવા ચિટણીસ મેળવે, અને તેને માટે યોગ્ય વખતસર ખબર આપે. સ્થાનિક સભાના હરકોઇ બે સભાસદો, અથવા મંડળીના જે સભાસદોને મત આપવાનો હક હોય તેઓમાંના દશાંશ સભાસદો, અથવા વડીલ સભા, અથવા મહા વડીલ સભા માગણી કરે તો ખાસ સભા મેળવવા અવશ્ય હુકમ કાઢવો. જે જે સભાઓ ભરવામાં આવે તેમાં કામ શરૂ કરવા પહેલાં અને કામને અંતે પ્રાર્થના કરવી.

૨. **કવોરમ.** (કેટલા સભાસદો હાજર હોય તો સભાનું કામ ચાલે).—ઓછામાં ઓછા કેટલા સભાસદો સભામાં હાજર હોય તો સભાનું કામ ચાલે એ વિષે સ્થાનિક સભાએ કાંઇ સાધારણ નિયમ બાંધ્યો ન હોય તો, અર્ધા કરતાં વધુ સભાસદો *હાજર હોય તો કામ ચલાવવું, પરંતુ અધ્યક્ષ સુદ્ધાં ત્રણ સભાસદોથી ઓછી સંખ્યા હોય તો કામ ચલાવાય નહિ. જો આ શરત અમલમાં આણવી અશક્ય હોય તો, સ્થાનિક સભામાં જોઇતી સંખ્યાનો વધારો થાય ત્યાં સુધી મત આપવા જોગી સંખ્યા પુરી કરવા સારૂ વડીલ સભાએ પોતાની હદમાંના એક અથવા વધુ વડીલો નીમી આપવા.

૩. **મત આપવાના હક વિષે.**—જે સભાસદો જાતે હાજર હોય તેઓનેજ માત્ર મત આપવાનો હક છે, અને અધ્યક્ષને તો માત્ર બે બાજુએ સરખા મત પડે તો આખરના નિર્ણયને માટેજ પોતાનો મત આપવાનો હક છે.

૪. **અધ્યક્ષ વિષે.**—પાળકે અધ્યક્ષપદ ધારણ કરવું; પણ ખાસ સંજોગો હોય તો સ્થાનિક સભાની સમ્મતિથી અધ્યક્ષપદ લેવાને પાળક, હિંદુસ્તાનમાંની પ્રેસ્બિટેરિયન મંડળીના કોઇ બીજા ધર્મસેવકને આમંત્રણ કરી શકે. પાળકની ગેરહાજરીમાં વડીલોમાંના કોઇએ અધ્યક્ષપદ લેવું. જો મંડળીને કોઇ પાળક

નહિ હોય તો અધ્યક્ષ તરીકે કામ ચલાવવા માટે હિન્દુસ્તાનમાંની પ્રેસ્બિટેરિયન મંડળીના કોઇ પણ ધર્મસેવકને વડીલ સભા આમંત્રણ કરી શકે; અને નસિહતની બાબતોમાં તો એ પ્રમાણે આમંત્રણ કરવુંજ જોઇએ.

૫. **ચિટણીસ વિષે.**—વડીલોમાંનો હરકોઇ અથવા પાળક, ચિટણીસનું કામ કરશે, અને સ્થાનિક સભા ઠરાવે તેટલા વખત સુધી તેણે કામ કરવું. તેણે સભામાં ચાલેલાં કામકાજનો હેવાલ લખી લેવો અને દફ્તરો તથા કાગળો સાચવી રાખવા, વડીલ સભામાં બેસવાને સારૂ નીમાયલા વડીલોને સાક્ષ્યપત્રો લખી આપવાં, અને વિગતપત્રક નામનું દફ્તર સંભાળથી રાખવું.

૬. **વિગતપત્રક વિષે.**—વિગતપત્રકમાં નીચે જણાવેલી વિગતો સમાવેલી હોવી જોઇએ :—

(૧) સભાસદોનાં નામ તથા ઠામઠેકાણાં.
(૨) બાળક તથા પુખ્ત ઉમ્મરનાઓનાં બાપ્તિસ્માની નોંધ.
(૩) પ્રભુભોજન સંસ્કાર પાળનારાઓનાં નામોનું પત્રક.
(૪) ફેરબદલી કે વિદાયગીરી સંબંધીના કાગળોની આવક જાવકની નોંધ
(૫) લગ્ન તથા મરણની નોંધ.

આ પત્રકમાં પ્રતિવર્ષ સુધારો વધારો કરવામાં આવશે. જે સભાસદો સ્થાનિક સભાને સંતોષ મળે એવાં કારણો શિવાય મંડળીની સેવામાંથી બે વર્ષ સુધી ગેરહાજર રહ્યા હોય તેઓનાં નામો એ પત્રકમાંથી કાઢી એક ખાસ પત્રકમાં લખવામાં આવશે. જે સભાસદોનાં નામ ખાસ પત્રકમાં દાખલ કીધેલાં હશે, તેઓનાં નામ સ્થાનિક સભાએ મંડળીના પત્રકમાં પાછાં દાખલ કીધેલાં નહિ હોય ત્યાં સુધી સભાસદ તરીકેના તેના હકો બજાવવા તે યોગ્ય ગણાશે નહિ. નામ પાછું નહિ દાખલ કરવાનાં કારણો સભાના દફ્તરમાં નોંધવામાં આવશે.

૭. **વાર્ષિક હેવાલ વિષે.**—વાર્ષિક હેવાલ વડીલ સભા સમક્ષ રજુ કરવામાં આવશે, અને તેમાં નીચે જણાવેલી વિગતોનો સમાવેશ કરવામાં આવશે :—

(૧) પ્રભુભોજન સંસ્કાર પાળનારા સભાસદોની સંખ્યા.

(૨) બાળક તથા પુખ્ત ઉમ્મરનાઓનાં બાપ્તિસ્માની સંખ્યા.

(૩) ફેરબદલી કે વિદાયગીરી સંબંધીના કાગળોની આવક જાવકની સંખ્યા.

(૪) થોડી મુદતને માટે બરતરફ કીધેલા, બહિષ્કૃત કીધેલા, પાછા હઠી ગયલા અને મરણ પામેલાઓનાં નામોની સંખ્યા.

(૫) વર્ષ દરમ્યાન ઉઘરાણા દ્વારે ઉપજેલી રકમ.

(૬) અને એ ઉપરાંત દાખલ કરવા યોગ્ય લાગે એવી બીજી બાબતોને લગતી હકીકત.

કાનૂન ૨૩ મો.

વડીલ સભાઓના ચાલુ નિયમો.

૧. **સભાઓ.**—મુકરર સભાઓ ઓછામાં ઓછી વર્ષમાં એક વાર મળશે, અને તે મળવાની તારીખ અને જગ્યા વડીલ સભા ઠેરવશે. સભાનું કામ શરૂ કરતી વખતે ચાલુ નિયમ મુજબ હોદ્દો છોડનાર અધ્યક્ષ ધર્મોપદેશ કે બોધભાષણ કરવું; જો તે ગેરહાજર હોય તો કોઇ બીજા સભાસદે તે કામ બજાવવું, અને હાજરી લઇ નવો અધ્યક્ષ નીમાય ત્યાં સુધી અધ્યક્ષપદ તેણેજ ધારણ કરવું. ત્રણ ધર્મસેવકો અને જુદી જુદી ત્રણ સ્થાનિક સભાના ત્રણ વડીલો લેખી માગણી કરે તો ખાસ સભા ભેગી કરવામાં આવશે. એ ખાસ સભા ભેગી કરવા વિષે ચિટણીસ, અથવા તે બિમાર હોય કે ગેરહાજર હોય, તો અધ્યક્ષ

દરેક સ્થાનિક સભાને અને દરેક ધર્મસેવકને ઓછામાં ઓછા દસ દિવસ અગાઉ ખબર આપશે. જે ખાસ કામને માટે સભા બોલાવવામાં આવે, તે કામ તે જાહેર ખબરમાં જણાવવું, અને તે સભામાં તે કામ શિવાય બીજું કંઇ પણ કામ ચલાવવું નહિ. સભાની દરેક બેઠકની શરૂઆતમાં અને અંતે પ્રાર્થના કરવી.

૨. **કવોરમ.** (કેટલા સભાસદો હાજર હોય તો સભાનું કામ ચાલે). — ઓછામાં ઓછા કેટલા સભાસદો હોય તો સભાનું કામ ચાલે, એ વિષે દરેક વડીલ સભાએ પોતપોતાને માટે ચાલુ નિયમ બાંધવો.

૩ **મત આપવાના હક વિષે.**—જે સભાસદો જાતે સભામાં હાજર હોય તેઓજ માત્ર મત આપી શકે. પણ જો સભામાં બે પક્ષ પડે, અને તેમાં સરખા મત પડે તો આખરના નિર્ણય માટેજ અધ્યક્ષને પોતાનો મત આપવાનો હક છે.

૪. **અધ્યક્ષ વિષે.**— અધ્યક્ષપદ યા તો ધર્મસેવક અથવા કોઇ પણ વડીલ ધારણ કરે. હોદ્દો છોડનાર અધ્યક્ષ ઉપદેશ અથવા બોધભાષણ કરી રહે ત્યાર બાદ હાજરી બોલાયા પછી લાગલીજ તેની ચુંટણી કરવામાં આવશે. ત્યાર પછીની મુકરર સભા મળે ત્યાં સુધી અથવા વડીલ સભા જે મુદ્દત ઠરાવે ત્યાં સુધી તે અધ્યક્ષના હોદ્દા ઉપર કાયમ રહેશે.

૫. **કાયમ ચિટણીસ વિષે.**—વડીલ સભાનો કાયમ ચિટણીસ ધર્મસેવક વર્ગનો હોવો જોઇએ. તેણે સભામાં ચાલેલાં કામકાજનો હેવાલ લખી લેવો, અને દફતરો તથા કાગળો સાચવી રાખવા. મહા વડીલ સભામાં બેસવા સારૂ નીમાયલા સભાસદોને સાક્ષ્યપત્રો લખી આપવાં, અને નિગવપત્રક નામનું દફતર રાખવું.

૬. **વિગતપત્રક વિષે.**—જેટલી મંડળીઓ, તથા ધર્મ-સેવકો, તથા લાઇસેન્શ્યેટો, વડીલ સભાની હકુમત નીચેના હોય તેઓનાં નામની નોંધ વિગતપત્રકમાં નોંધેલી હોવી જોઇએ.

૭. **વાર્ષિક હેવાલ વિષે.**—વડીલ સભાએ મહા વડીલ સભા અને સાર્વજનિક મહા સભા આગળ વાર્ષિક હેવાલ રજુ કરવો, અને તેમાં નીચેની વિગતો સમાવેલી હોવી જોઇએ:—

(૧) તમામ મંડળીઓ, ધર્મસેવકો, અને લાઇસેન્શ્યેટોનાં નામની ટીપ.

(૨) નવી મંડળીઓની સ્થાપના, મંડળીઓની બદલી, તેમનું જોડાઇ જવું, તેમનું દાખલ થવું, તેમનું છુટું પડવું, અને તેમનું વિખેરી નાખવું,—એ બધાની નોંધ.

(૩) જે જે ધર્મસેવકોને ધર્મપદદીક્ષા આપી હશે, જેઓને પોતાનું કામ છોડી દેવાની રજા આપવામાં આવી હશે, જેઓની ફેરબદલી કરવામાં આવી હશે, જેઓને દાખલ કરવામાં આવ્યા હશે, જેઓને કામ ઉપરથી છુટા કરવામાં આવ્યા હશે, જેઓને બરતરફ કરવામાં આવ્યા હશે, તથા જેઓ મરણ પામ્યા હશે,—તેઓની નોંધ.

(૪) જે જે લાઇસેન્શ્યેટોને તેઓનું કામ કરવાની સનદો આપી હશે, જેઓને પોતાનું કામ છોડી દેવાની રજા આપવામાં આવી હશે, જેઓની ફેરબદલી કરવામાં આવી હશે, જેઓને દાખલ કરવામાં આવ્યા હશે, જેઓને કામ ઉપરથી છુટા કરવામાં આવ્યા હશે, અને જેઓ મરણ પામ્યા હશે,—તેઓની નોંધ.

(૫) જે જે પાળકોની મંડળી ઉપર નીમણુક કીધી હશે,

તથા જેઓને તેમની મંડળીથી છુટા કર્યા હશે,—તેઓની નોંધ.

(૬) સભાસદોની સંખ્યાની, પુખ્ત વયના તથા બાળકોના બાપ્તિસ્માની, મંડળીઓમાં અને જે વિશ્વાસીઓની મંડળીઓ બંધાઇ ન હોય તેમની સમાજોમાં ઉઘરાણા દ્વારે ઉપજેલી પૈસાની રકમની નોંધ.

(૭) એ ઉપરાંત વર્ષ દરમ્યાન વડીલ સભાની હદમાં બનેલા જાણવાજોગ હેવાલની નોંધ.

કાનૂન ૨૪ મો.

મહા વડીલ સભાઓના ચાલુ નિયમો.

૧. **સભાઓ.**—સાધારણ નિયમ પ્રમાણે મુકરર સભાઓ વરસમાં એક વાર ભરવામાં આવશે; અને તે મળવાની તારીખ તથા જગ્યા મહા વડીલ સભા ઠરાવશે. સભાનું કામ શરૂ કરતી વખતે ચાલુ નિયમ મુજબ હોદ્દો છોડનાર અધ્યક્ષે ધર્મોપદેશ કે બોધભાષણ કરવું; જો તે ગેરહાજર હોય તો કોઇ બીજા સભાસદે તે કામ બજાવવું, અને હાજરી લઇ નવો અધ્યક્ષ નીમાય ત્યાં સુધી અધ્યક્ષપદ તેણેજ ધારણ કરવું. બે અથવા વધુ વડીલ સભાઓ લેખી માગણી કરે તો ખાસ સભા ભેગી કરવામાં આવશે એ ખાસ સભા ભેગી કરવા વિષે ચિટણીસ, અથવા તે બિમાર હોય કે ગેરહાજર હોય તો અધ્યક્ષ, મહા વડીલ સભાના પ્રત્યેક સભાસદને, ઓછામાં ઓછા ત્રીસ દિવસ અગાઉ ખબર આપશે. જે ખાસ કામને માટે સભા બોલાવવામાં આવે તે કામ તે જાહેર ખબરમાં જણાવવું; પરંતુ હાજર રહેલા સભાસદોના બેતૃતિયાંશ મતોથી બીજું કામ પણ એવી ખાસ સભામાં ચલાવી શકાય. સભાની દરેક બેઠકની શરૂઆતમાં અને અંતે પ્રાર્થના કરવી.

૨. કવોરમ. (કેટલા સભાસદો હાજર હોય તો સભાનું કામ ચાલે).—ઓછામાં ઓછા કેટલા સભાસદો હાજર હોય તો સભાનું કામ ચાલે, એ વિષે દરેક મહા વડીલ સભાએ પોતપોતાને માટે ચાલુ નિયમ બાંધવો.

૩. મત આપવાના હક વિષે.—જે સભાસદો જાતે સભામાં હાજર હોય, તેઓજ માત્ર મત મત આપી શકે; પણ જો સભામાં બે પક્ષ પડે, અને તેમાં સરખા મત પડે તો આખરના નિર્ણય માટેજ અધ્યક્ષને પોતાનો મત આપવાનો હક છે.

૪. અધ્યક્ષ વિષે.—અધ્યક્ષપદ યા તો ધર્મસેવક અથવા કોઇ પણ વડીલ ધારણ કરે. હોદ્દો છોડનાર અધ્યક્ષ ઉપદેશ અથવા બોધભાષણ કરી રહે ત્યાર બાદ હાજરી બોલાયા પછી લાગલીજ તેની ચુંટણી કરવામાં આવશે. બીજી મુકરર સભા મળે ત્યાં સુધી તે અધ્યક્ષના હોદ્દા ઉપર કાયમ રહેશે.

૫. કાયમ ચિટણીસ વિષે.—મહા વડીલ સભાનો કાયમ ચિટણીસ ધર્મસેવક વર્ગનો હોવો જોઇએ. તેણે સભામાં ચાલેલાં કામકાજનો હેવાલ લખી લેવો, અને દફતરો તથા કાગળો સાચવી રાખવાં. દરેક સભામાં પસાર કરવામાં આવેલા ઠરાવો તથા વડીલ સભાઓએ રજુ કરેલા વાર્ષિક હેવાલો ઉપરથી ઉપજાવી કાઢેલા આંકડાઓનાં પત્રકો,—એ બધાંને છપાવી તેની એકેક નકલ ચિટણીસે મહા વડીલ સભાની હકુમત નીચેની દરેક સ્થાનિક સભાને તથા દરેક ધર્મસેવકને પહોંચાડવી.

૬. કારભારની મુદત વિષે.—મુકરર સભામાં રજુ કરેલાં કામો ચલાવવા સારૂ સભાસદો પસંદ કરવામાં આવશે, અને ત્યાર પછીની મુકરર સભા મળે ત્યાં સુધી તેઓ સભાના બધા હકો ભોગવશે. જો કોઇ સભાસદ પોતાની જગ્યા છોડી

દે તો જે વડીલ સભાએ તેની નીમણુક કીધી હોય, તે સભા, બની શકે તો, તે જગ્યા પુરવાને બીજા સભાસદની પસંદગી કરે.

કાનૂન ૨૫ મો.

સાર્વજનિક મહા સભાના ચાલુ નિયમો.

૧. **સભાઓ.**—સાધારણ નિયમ પ્રમાણે મુકરર સભાઓ દર ત્રણ વર્ષે એક વાર ભરવામાં આવશે; અને તે મળવાની તારીખ તથા જગ્યા છેલ્લી મળેલી સાર્વજનિક મહા સભા ઠરાવશે. સભાનું કામ શરૂ કરતી વખતે ચાલુ નિયમ મુજબ હોદ્દો છોડનાર અધ્યક્ષે ધર્મોપદેશ કે બોધભાષણ કરવું; જો તે ગેરહાજર હોય તો કોઇ બીજા સભાસદે તે કામ બજાવવું, અને હાજરી લઇ નવો અધ્યક્ષ નીમાય ત્યાં સુધી અધ્યક્ષપદ તેણેજ ધારણ કરવું. બે અથવા વધુ મહા વડીલ સભાઓ લેખી માગણી કરે તો ખાસ સભા ભેગી કરવામાં આવશે. એ ખાસ સભા ભેગી કરવા વિષે ચિટણીસ, અથવા તે બિમાર હોય કે ગેરહાજર હોય તો અધ્યક્ષ સાર્વજનિક મહા સભાના પ્રત્યેક સભાસદને ઓછામાં ઓછા ત્રીસ દિવસ અગાઉ ખબર આપશે. જે ખાસ કામને માટે સભા બોલાવવામાં આવે તે કામ તે જાહેર ખબરમાં જણાવવું; પરંતુ હાજર રહેલા સભાસદોના બેતૃતિયાંશ મતોથી બીજું કામ પણ એવી ખાસ સભામાં ચલાવી શકાય. સભાની દરેક બેઠકની શરૂઆતમાં અને અંતે પ્રાર્થના કરવી.

૨. **કવોરમ.** (કેટલા સભાસદો હાજર હોય તો સભાનું કામ ચાલે).—ઓછામાં ઓછા કેટલા સભાસદો હાજર હોય તો સભાનું કામ ચાલે, એ વિષે દરેક સાર્વજનિક મહા સભાએ પોત-પોતાને માટે ચાલુ નિયમ બાંધવો.

૩. **મત આપવાના હક વિષે.**—જે સભાસદો જાતે સભામાં હાજર હોય, તેઓજ માત્ર મત આપી શકે; પણ જો સભામાં બે પક્ષ પડે, અને તેમાં સરખા મત પડે તો આખરના નિર્ણયને માટેજ અધ્યક્ષને પોતાનો મત આપવાનો હક છે.

૪. **અધ્યક્ષ વિષે.**—અધ્યક્ષપદ યા તો ધર્મસેવક અથવા કોઇ પણ વડીલ ધારણ કરે. હોદ્દો છોડનાર અધ્યક્ષ ઉપદેશ અથવા બોધભાષણ કરી રહે ત્યાર બાદ હાજરી બોલાયા પછી લાગલીજ તેની ચુંટણી કરવામાં આવશે. બીજી મુકરર સભા મળે ત્યાં સુધી તે અધ્યક્ષના હોદ્દા ઉપર કાયમ રહેશે.

૫. **કાયમ ચિટણીસ વિષે.**—સાર્વજનિક મહા સભાનો કાયમ ચિટણીસ ધર્મસેવક વર્ગનો હોવો જોઇએ. તેણે સભામાં ચાલેલાં કામકાજનો હેવાલ લખી લેવો, અને દફતરો તથા કાગળો સાચવી રાખવાં. દરેક સભામાં પસાર કરવામાં આવેલા ઠરાવો તથા વડીલ સભાઓએ રજુ કરેલા વાર્ષિક હેવાલો ઉપરથી ઉપજાવી કાઢેલા આંકડાઓનાં પત્રકો,—એ બધાંને છપાવી તેની એકેક નકલ ચિટણીસે સાર્વજનિક મહા સભાની હકુમત નીચેની દરેક સ્થાનિક સભાને તથા દરેક ધર્મસેવકને પહોંચાડવી.

૬. **કારભારની મુદત વિષે.**—મુકરર સભામાં રજુ કરેલાં કામો ચલાવવા સારૂ સભાસદો પસંદ કરવામાં આવશે, અને ત્યાર પછીની મુકરર સભા મળે ત્યાં સુધી તેઓ સભાના બધા હકો ભોગવશે. જો કોઇ સભાસદ પોતાની જગ્યા છોડી દે તો જે વડીલ સભાએ તેની નીમણુક કીધી હોય, તે સભા, બની શકે તો, તે જગ્યા પુરવાને બીજા સભાસદની પસંદગી કરે.

કાનૂન ૨૬ મો.
પદ્ધતિઓ વિષે.

જ્યાં સુધી હિંદુસ્તાનની પ્રેસ્બિટેરિયન મંડળી પોતાના ઉપયોગને માટે પોતાની પદ્ધતિઓ તૈયાર કરી તે મંજૂર રાખે ત્યાં સુધી ધર્મસેવકો, વડીલો, સહાયકારીઓ વિગેરેની દીક્ષાક્રિયાને માટે અને બાપ્તિસ્મા તથા પ્રભુભોજન સંસ્કારો પાળવાને તેને માટે જે પદ્ધતિઓ અસલ મંડળીઓમાં વપરાતી હોય તેજ પદ્ધતિઓ વાપરવાની ભલામણ કરવામાં આવે છે.

કાનૂન ૨૭ મો.
કાનૂનોમાં સુધારો વધારો કરવા વિષે.

હરકોઇ વડીલ સભા ભલામણ કરે તો સાર્વજનિક મહા સભામાં હાજર રહેલા સભાસદોના બેતૃતિયાંશની સમ્મતિથી આ કાનૂનોમાં સુધારો વધારો કરી શકાય; પણ જે કાંઇ સુધારો વધારો કરવો હોય તે બાબેની ખબર સાર્વજનિક મહા સભાના કાયમ ચિટણીસે દરેક સ્થાનિક સભાને અને દરેક ધર્મોપદેશકને સાઠ દિવસ આગમજ આપવી; વળી તે સુધારા વધારાની દરખાસ્ત મંડળીના બંધારણના નિયમોના તથા વિશ્વાસનામાના આશય વિરૂદ્ધ જાય એવા પ્રકારની ન હોવી જોઇએ.

સ્થાનિક વ્યવસ્થા.

૧. હિન્દુસ્તાનની પ્રેસ્બિટેરિયન મંડળીની નીચે મુજબની સાત મહા વડીલ સભા (સિનડો) રાખવી:—

(૧) દક્ષિણ હિન્દુસ્તાનની મહા વડીલ સભા—એના તાબામાં મદ્રાસ ઇલાકાના જે ભાગોમાં ચર્ચ ઑવ સ્કૉટલાંડ, તથા યુનાટેડ ફ્રીચર્ચ ઑવ સ્કૉટલાંડ, તથા રીફાર્મ્ડ (ડચ) ચર્ચ ઑવ અમેરિકાનાં મિશનો પોતપોતાનું કામ ચલાવે છે તે પ્રદેશોનો સમાવેશ થાય છે. ભાષા—તામિલ, તેલુગુ, વિગેરે.

(૨) મુંબઇની તથા મધ્ય પ્રાંતોની મહા વડીલ સભા—એના તાબામાં જે પ્રદેશોમાં ચર્ચ ઑવ સ્કૉટલાંડ, તથા યુનાઇટેડ ફ્રીચર્ચ ઑવ સ્કૉટલાંડ, અને અમેરિકન પ્રેસ્બિટેરિયન મંડળી પોતપોતાની મંડળીનું કામ ચલાવે છે તે પ્રદેશોનો સમાવેશ થાય છે. ભાષા—મરાઠી, વિગેરે.

(૩) બંગાળાની મહા વડીલ સભા—એના તાબામાં જે પ્રદેશોમાં ચર્ચ ઑવ સ્કૉટલાંડ, તથા યુનાઇટેડ ફ્રીચર્ચ ઑવ સ્કૉટલાંડ, ઈંગ્લિશ પ્રેસ્બિટેરિયન ચર્ચ, તથા ગોપાળગંજ સુવાર્ત્તાપ્રસારક મિશન પોતપોતાની મંડળીનું કામ ચલાવે છે તે પ્રદેશોનો સમાવેશ થાય છે. ભાષા-બંગાળી, સાંતાલી, વિગેરે.

(૪) આસામની મહા વડીલ સભા-એના તાબામાં જે પ્રદેશોમાં ઉવેલ્શ કાલ્વિનિસ્ટિક મેથોડિસ્ટ ચર્ચ મથા યુનાઇટેડ ફ્રીચર્ચ ઑવ સ્કૉટલાંડ, પોતપોતાની મંડળીનું કામ ચલાવે છે તે પ્રદેશોનો સમાવેશ થાય છે. ભાષા—ખાશી, બંગાળી, વિગેરે.

(૫) ઉત્તર હિન્દુસ્તાનની મહા વડીલ સભા—એના તાબામાં જે પ્રદેશોમાં અમેરિકન પ્રેસ્બિટેરિયન ચર્ચ તથા ચર્ચ ઑવ સ્કૉટલાંડ,તથા પૂર્વ હિમાલય મિશન પોતપોતાની મંડળીનું કામ ચલાવે છે તે પ્રદેશોનો સમાવેશ થાય છે. ભાષા-ઊર્દુ, હિન્દી, નેપાળી, વિગેરે.

(૬) રાજપુતાના તથા મધ્ય હિન્દુસ્તાનની મહા વડીલ સભા—એના તાબામાં જે પ્રદેશોમાં આઇરિશ પ્રેસ્બિટેરિયન ચર્ચ, યુનાઇટેડ ફ્રીચર્ચ ઑવ સ્કૉટલાંડ તથા કેનેડિયન પ્રેસ્બિટેરિયન ચર્ચ પોતપોતાની મંડળીનું કામ ચલાવે છે તે પ્રદેશોનો સમાવેશ થાય છે. ભાષા—ગુજરાતી, હિન્દી, ઊર્દુ, વિગેરે.

(૭) પંજાબની મહા વડીલ સભા—એના તબામાં જે પ્રદેશોમાં

અમેરિકન પ્રેસ્બિટેરિયન ચર્ચ, અને ચર્ચ ઑવ સ્કૉટલાંડનાં મિશનો પોતપોતાની મંડળીનું કામ ચલાવે છે તે પ્રદેશોનો સમાવેશ થાય છે. ભાષા-પંજાબી, ઊર્દુ, વિગેરે.

૨. સદરહું સાત મહા વડીલ સભા (સિનડો) માંની પહેલી મહા વડીલ સભાની હકુમત નીચે બે વડીલ સભા (પ્રેસ્બિટેરીઝ) છે–મદ્રાસની અને આર્કટની.

બીજી મહા વડીલ સભાની હકુમત નીચે ત્રણ વડીલ સભાઓ છે—કોલ્હાપુરની, મુંબઈની, અને નાગપુરની.

ત્રીજી મહા વડીલ સભાની હકુમત નીચે બે વડીલ સભા છે—કલકત્તાની અને સાંતાલિસ્તાનની.

ચોથી મહા વડીલ સભાની હકુમત નીચે પાંચ વડીલ સભા છે—શિલાંગની, જીન્ત્યાની, ચેરાની, મૈરાંગની અને સિલહતની.

પાંચમી મહા વડીલ સભાની હકુમત નીચે ત્રણ વડીલ સભા છે–અલાહબાદની, ફરક્કાબાદની, અને પૂર્વ હિમાલયની.

છઠ્ઠી મહા વડીલ સભાની હકુમત નીચે ત્રણ વડીલ સભા છે—ગુજરાત તથા કાઠીઆવાડની, રાજપુતાનાની, અને માળવાની.

સાતમી મહા વડીલ સભાની હકુમત નીચે ત્રણ વડીલ સભા છે—લુધીઆણાની, લાહોરની, અને સીઆલકોટની.